કુલીનની કન્યા.

(પૂર્વાર્ધ.)

એક દુઃખી તરૂણીની હૃદયદ્રાવક આત્મકથા.



લેખક,

મુલાખીરામ રણછોડ પંડયા.

ડાકોર.

કિંમત રૂ. ૦—૪—૦

॥ ॐ तत् सत् परमात्मन् ॥

કુલીનની કન્યા.

(પૂર્વાર્ધ.)

એક દુઃખી તરૂણીની હૃદયદ્રાવક આત્મકથા

અથવા

હિન્દુઓના આધુનિક ગૃહસંસારનું ચિત્ર.

લેખક અને પ્રકાશક,

ભુલાખીરામ રણછોડ પંડયા.

મુ. ડાકોર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૭.

કિંમત રૂ. ૦-૪-૦

આ કાવ્યના લેખકનાં રચેલાં અન્ય પુસ્તકો.

૧. આધુનિક અંધ શ્રદ્ધા. (કાવ્ય) ... ... કિંમત ૦-૭-૩

૨. શ્રીમન્માધવતીર્થ સ્વામીનો કૈલાસવાસ (કાવ્ય.) અમૂલ્ય.
અર્ધા આનાની ટીકીટ મોકલવાથી મોકલવામાં આવશે.

* " કુલિનની કન્યા. " (ઉત્તરાર્ધ.) તૈયાર થાય છે.

* " નળદેવ નાટક. " ... ... તૈયાર છે.

* " સાવિત્રી ચરિત્રાખ્યાન. " (ગદ્યપદ્યાત્મક). "

* " મેઘદૂત " (કાવ્ય) સમશ્લોકી. "

* પૂરતા ગ્રાહકો થએ છપાવવામાં આવશે, માટે નામ નોંધાવો.

અમદાવાદ
ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપી.
ઠે૦ પાંચકુવા, ચાર રસ્તા.



સ્વ. રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા.

G. P. Press—AHMEDABAD.

શ્રી

અર્પણ પત્રિકા.

સુજ્ઞ શ્રીમાન શેઠ રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા.

મુ૦ મુંબઈ.

શ્રી ક્ષેત્ર ડંકપુર (ડાકોર) મુકામે **શ્રી ખડાયતા પરિષદના** દ્વિતિય સંમેલન પ્રસંગે આ લઘુ કાવ્યનું પ્રથમવાર શ્રવણ કરી મ્હારા જેવા એક અપરિચિત કવિતાના લેખકને પ્રકાશમાં લાવવા આ કાવ્યને મુદ્રિત કરી પ્રસિદ્ધ કરવામાં આપે અમુલ્ય આશ્રય આપ્યો છે.

આપ એક સાહસિક વ્યાપારી હોવા છતાં કાવ્ય પીયુષના અલૌકિક રસથી આપનું હૃદય રંજીત થાય છે, તેથી આપ **લક્ષ્મી** અને **સરસ્વતી**ના અપૂર્વ પાત્ર છો. આપે વ્યાપારમાં વિવિધ સ્થળે સ્વાનુભવ મેળવી એક બાહોશ વ્યાપારી તરીકે **શ્રી** અને **કીર્તિ** સંપાદન કર્યાં છે; અને પવિત્ર **ક્ષેત્ર** ડાકોરમાં પરોપકારાર્થે વીસ પચીસ હજાર રૂપીયાની રકમ ખર્ચ કરીને સ્ટેશન રોડ ઉપર આપના પૂજ્ય પિતાના સ્મરણાર્થે ધર્મશાળા બંધાવી લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો છે. વળી સ્વજ્ઞાતિની ઉન્નતી અર્થે **ખડાયતા પરિષદ** ઉપસ્થિત કરવામાં આપ અગ્રણી છો. આવા અનેક મહદ્ગુણોથી વિભૂષિત આપશ્રીને હું આપણા આધુનિક ગૃહસંસારના ચિત્રરૂપ આ લઘુ કાવ્ય અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦

આપનો શુભેચ્છક

ભુલાખીરામ રણછોડ પંડ્યા.

પ્રસ્તાવના.

સુજ્ઞ વાંચક ! આ લઘુ પુસ્તક આજકાલ લખાતાં આશક માશુકનાં **હાસ્ય** અને **શૃંગાર** રસથી છલકાતાં નોવેલો કે નાટકો જેવું, કે **વીર** અને **રૌદ્ર** રસથી ઉભરાતી ઐતિહાસિક કે પૌરાણિક કથા જેવું, અથવા મેજીલો અને ડંગલોમાં ગવાતા **તોરા** અને **કલગી**ના તાન ટપ્પાથી દીલ રંજીત થાય તેવું ત્હારા જોવામાં નહિં આવતાં કદાચ ત્હને નિરાશા ઉત્પન્ન થશે: પરંતુ આપણા આધુનિક ગૃહસંસારની સ્થિતીના સ્વાનુભવથી પ્રત્યક્ષ થતી ખામિયો દૂર કરી, ત્હેને સુધારવાની ઇચ્છાનો અંશ પણ જો ત્હારા હૃદયમાં હોય: તો આ એક નિર્દોષ તરૂણીની **કરૂણાત્મક** આત્મકથાનું સાદ્યાન્ત પઠન કર, અને સેંકડો અને હજારો કુસુમ કળિયો સમાન કુમળાં હૃદયનાં નિર્દોષ બાળ બાળિકાઓનાં આશાવંત જીવનનો વિધ્વંસ કરનાર **બાળલગ્ન, કન્યાવિક્રય, કજોડાં** અને મિથ્યા કુળાભિમાન રૂપ રાક્ષસોના સપાટામાંથી આપણા સમાજને મુકત કરવા કટિબદ્ધ થા: એજ અંતિમ હેતુને સિદ્ધ કરવા આવા લેખોને ઉત્તેજન આપી ત્હેને જનસમાજ સમક્ષ રજુ કરવા આપણા સર્વ જ્ઞાતિ હિતચિંતક અગ્રેસરો, અને શ્રીમંતોના અંતઃકરણમાં પ્રેરણા કરાવ, એજ આ પુસ્તક વાંચ્યાનું અને પ્રગટ થયાનું સાર્થક.

આ લઘુ કાવ્ય જનસમાજના કર કમળમાં રજુ કરવાનું સદ્ભાગ્ય હું જેમના વડે પામ્યો છું, અને જેમના સમાગમથી મ્હારા ગ્રામ્ય જીવનમાં પણ મ્હને કાવ્ય પીયુષનો આસ્વાદ પ્રાપ્ત થાય છે, અને મ્હારી અસંસ્કારિક વાણીને જેઓના પ્રતાપે કંઇ સંસ્કાર મળવા પામ્યા છે, વળી મ્હને સંસ્કૃત ભાષાનું બીલકુલ જ્ઞાન નહિં હોવા છતાં જેઓની સહાયથી **મહા કવિ શ્રી કાલિદાસ પ્રણિત "મેઘદૂત કાવ્ય"**નું સમશ્લોકી ગુજરાતી ભાષાન્તર* કરવા હું ભાગ્યશાળી થયો છું, અને ઉત્તરોત્તર એવાજ કાર્યોમાં મ્હને પ્રેરવાનો જેમનો પ્રયત્ન સદા ચાલુજ છે, તે મ્હારા પરમપૂજ્ય બાળ સ્નેહી **શ્રીયુત્ ભટ્ટ ગિરજાશંકર દેવશંકર બી. એ.**નો ઉપકાર માની આ મ્હારા પ્રથમ પ્રયાસના ફળરૂપ લઘુ કાવ્યની લઘુ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું. **इति शिवम्.**

ડંકપુર—દેવશયની એકાદશી } **બુલાખીરામ રણછોડ પંડયા.**
વિક્રમાર્ક—૧૯૭૩.

---

* આ ભાષાન્તર તથા "સાવિત્રી ચરિત્રાખ્યાન" ગદ્ય પદ્યાત્મક તૈયાર કરેલું છે, તે ઈશ્વર ઈચ્છા હશે તો થોડા સમયમાં છપાઇ બહાર પડશે. **લેખક.**

ॐ तत्सत् परमात्मन्

કુલીનની કન્યા.

એક દુઃખી તરૂણીની હૃદયદ્રાવક આત્મકથા.

અથવા

હિન્દુઓના આધુનિક ગૃહસંસારનું ચિત્ર.

લેખકનો પરિચય.

વસંતતિલકાવૃત્ત.

વિશ્વેશ રાયરણછોડ જહાં વસે છે,
જ્યાં ગોમતીજળ પવિત્ર તરંગ લે છે;
શ્રી ડંકનાથ શિવ જ્યાં નિકટે વસે છે,
તે તીર્થ ડંકપુરમાં મુજ વાસ તો છે. ૧

આ જગતના વિવિધ રંગ અનુભવેલા,
ત્હેના કંઇક પડઘા હૃદયે રહેલા;
તે પૈકીની હૃદયદ્રાવક આ કથાને,
વાંચી ચહો વિર સમાજ સુધારવાને. ૨

હરિગીત.

હું એક વેળા દિવસના પરિશ્રમ તણી શાન્તિ થવા,
સમિસાંજના સૌન્દર્યને આનંદથી અવલોકવા;

તનમાં તપેલા ગ્રિષ્મના પરિતાપને હોલાવવા,
મનથી વિચારી નીકળ્યો સર ગોમતી તીરે જવા. ૩

સહુ જગતને તપવી રવિ નભ માંહિ છુપાતો હતો,
સીંદૂરવરણો રંગ સન્ધ્યા સમય ફેલાતો હતો;
પંખી ઉડી નભ મારગે નિજ આશ્રમે જાતાં હતાં,
સન્ધ્યા સમયની આરતીનાં વાદ્ય કૈં કૈં વાગતાં. ૪

તટનાં તરૂ ડોલાવતો વાયુ ધિમો વાતો હતો,
નભમાં લટકતાં વાદળાંનો રંગ બદલાતો હતો;
[1]પ્રાચી દિશાથી આવતું દેખાય સૈન્ય [2]નિશા તણું,
જામ્યું દિવસ રાત્રી તણું સંગ્રામ એવું લાગતું. ૫

લીલા જગતના નાથની અવલોકતો આગળ ગયો,
હું ગોમતીની પાળના તરૂવર તળે ઉભો રહ્યો;
સજ્જન હૃદય સરખું અતિ નિર્મળ સરોવર શોભતું,
ઉજ્વળ સ્ફટિકના રંગ સરખુ સ્વચ્છ પાણી દીસતું. ૬

તે દેવના દર્પણ સમુ પરિપૂર્ણ શુદ્ધ પ્રકાશતું,
સહુ વિશ્વને નિજ હ્રદયમાં ધારણ કરી દેખાડતું;
શીતળ સુગંધી વાયુથી ચંચળ તરંગો નાચતા,
તટ ઉપરનાં તરૂવર તણાં પ્રતિબીંબને ડોલાવતા. ૭

મ્હોટા મગર ને મચ્છ કચ્છો મ્હાલતાં જળમાં ઘણાં,
તે પ્રાણીઓના ચલનથી થાતાં કુડાળાં મધ્યમાં;
સામે કિનારે ટોકતાં સારસ તણાં શુભ જોડલાં,
કલરવ કરે આનંદથી યુથ હંસ [3]કારંડવ તણાં. ૮

મનહર બગીચા તુલ્ય મધ્યે કમલિની ખીલી રહી,
તેમાં ભ્રમર ગુંજારતા લેતા સુવાસ [4]સરોજની;
તટનાં તરૂ પર મધુર નાદે કોકિલા ટોકારતી,
નાચે મયૂરનાં વૃંદ માંડીને કળા ઉલ્લાસથી. ૯

---

૧ પૂર્વ ૨. રાત્રી. ૩ બગલાં. ૪ કમળની.

જળ પંખિઓ જળ મધ્ય ડોક હલાવતાં ઘુમી રહ્યાં,
કૈં પંખિઓ આકાશમાં જળની ઉપર ઉડી રહ્યાં;
અલકાપુરી સમ દૂરથી દેખાય [૧]ડંકપુરી રૂડી,
આનંદદાયક ગોમતી [૨]માનસ સમી શોભી રહી. ૧૦

ધિમે ધિમે રજની દિસે પ્રાચી દિશાથી આવતી,
તે આભની લાલાશને કાળાશમાં પલટાવતી;
દૂરના પદાર્થો દૃષ્ટિએથી બંધ દેખાતા થયા,
ચોમેરથી [૩]રજનીચરોના શબ્દ થાવા લાગિયા, ૧૧

લાગ્યાં બિડાવા [૪]પદ્મ સૌ [૫]દિનકર છૂપાતાં આભમાં,
રજની તણા શણગાર કૈં તારા ઉગ્યા આકાશમાં;
હું એક ચિત્તે સૃષ્ટિના સૌન્દર્યને નીહાળતો,
તરૂના થડે ટેકો દઇને ધ્યાનમાં ઉભો હતો. ૧૨

તે સમય પગરવનો થયો કૈં ભાસ મ્હારા કર્ણમાં,
મુજ ધ્યાન ભંગ થઇ ગયું ને ચોંકિયો હું ચિત્તમાં;
દીધી નજર તે પાસ તો મ્હેં એક દીઠી સુંદરી,
વય વીશ વર્ષ તણી જણાતી ચાલતી ધીમી ગતી. ૧૩

મનથી વિચાર્યું તે પળે મ્હેં, કોણ આ નારી હશે,
એકાન્તમાં આ સમય આવી તેહ કારણ શું હશે;
શંકા થઇ મુજ હૃદયમાં કે શું હશે વ્યભિચારી એ,
હું સ્હેજ છૂપાઈ ગયો જોવા તમાસો તે સમે. ૧૪

દેખ્યો નહીં ત્હેણે મ્હને પણ મ્હેં નિહાળી દૂરથી,
તે ગોમતીના જળ ભણી નિજ મુખ કરી ઉભી રહી;
નિજ અંગ ઉપર શ્યામ રંગી વસ્ત્ર પહેરેલું હતું,
સંધ્યા તણી કાળાશમાં તે મિશ્ર થૈ જાતું હતું. ૧૫

કરમાયલા પંકજ સમી નિસ્તેજ કાન્તિ લાગતી,
અશ્રુ નિહાળ્યાં આંખમાં ઉંડા નિસાસા નાંખતી;

---

૧ ડાકોર. ૨ માનસરોવર. ૩ રાત્રે ફરનારપ્રાણીઓ. ૪ કમળ. ૫ સૂર્ય.

ભડકેલ હરિણી પેઠ તે ચોમેર દૃષ્ટિ નાંખતી,
ધિમે સ્વરે મુખથી કંઈ ઉચ્ચાર એ કરતી હતી. ૧૬

મનથી થયો નિશ્ચય મ્હને વ્યભિચારિણી નારી નથી,
નિજ નાથથી કે અન્યથી નક્કી રીસાઇ લાગતી;
કરશે કદી તન ત્યાગ તે, એવું વસ્યું મ્હારા ઉરે,
ટુંકી મતિની તારૂણી મરતાં વિચાર નહીં કરે. ૧૭

વાળી કછોટો ઉતરી જળની લગોલગ તે ગઇ,
મનથી વિચાર્યું મ્હેં પ્રગટ થાવું હવે નક્કી અહીં;
જળમાં ઝુકાવા તે ગઈ મ્હેં દોટ મૂકી તે પળે,
હાં! હાં! કહીને હસ્ત ઝાલી ખેંચીને રાખી બળે. ૧૮

કંપી ઉઠી તે કામિની રોમાંચ લાગ્યો દેહને,
અણ ચિંતવ્યો દેખી મ્હને ભય પૂર્ણ વ્યાપ્યો તેહને;
મ્હેં ધૈર્ય આપીને કહ્યું બ્હીનીશના ઓ બ્હેન તું,
શા માટ ત્હેં આવું ભયાનક કર્મ કરવું આદર્યું. ૧૯

તું કોણ છે? ને ક્યાં રહે છે? શા દુખે મરવા ચહે,
મુજને ગણીને ધર્મનો બંધુ સરવ સાચું કહે;
કૈં ધૈર્ય આવ્યું તેહને આ શબ્દ મ્હારા સાંભળી,
ચોધાર આંસુ સહિત કરૂણા કંઠથી તે ઉચરી. ૨૦

"ઓ ભાઇ મરવા દો મ્હને આ છે નકામી જીંદગી,
"મ્હારા સમી દુર્ભાગિણીને સાર જીવ્યામાં નથી;
"દુખરૂપ મ્હારા દેહને આરામ મર્ણ વિના નથી,
"ભયરૂપ આ ભવ માંહિ ભય હરનાર મ્હારૂં કો નથી. ૨૧

"શા માટ રોકો છો મ્હને જાઓ તમારે મારગે,
"મરજી મ્હને મરવા તણી તો ભાઈ મરવા દો મ્હને;
"મુજ મર્ણથી આ જગતમાં રડનાર પાછળ કો નથી,
"મુજ મર્ણથી જન કોઇને દિલગીર થાવાનું નથી. ૨૨

" એ ભાઈ છોડો હાથ મ્હારો આજ મરવા દો મ્હને,
" બહુ પૂણ્ય તમને લાગશે યમપુર જાવા દો મ્હને;
" આ ગોમતી ગંગાતણા જળમાં સમાવા દો મ્હને,
" મીઠા મરણની સાથ ભેટો આજ કરવા દો મ્હને. ૨૩

આ સાંભળી કરૂણા ભરેલાં વેણ એ તરૂણી તણાં,
હૈઉં ભરાયું માહ્યરૂં મુજ આંખમાં અશ્રૂ વહ્યાં;
મુજ અંતરે આવી દયા આ શબ્દ તેના સાંભળી,
મ્હેં ધૈર્ય ધરવા તેહને બહુ રીતથી વિનતી કરી. ૨૪

મરવા નહીં દેઉં ત્હને કોટી ઉપાયે આજ હું,
મુજ દેહમાં છે પ્રાણ ત્યાં સૂધી ન છોડું હાથ હું;
સન્ધ્યા સમય વીતી ગયો છે, ચાલ મ્હારી સાથ તું,
તુજ ધર્મનો હું ભાઇ છું ચિન્તા જરા ના રાખ તું. ૨૫

આપી ધિરજ બહુ પેર મ્હેં મહા મ્હેનતે સમજાવીને,
મુજ ઘેર આવી તે પછી વિશ્વાસ અંતર આણીને;
આ વાત જાણી પોળનાં પાડોસીઓ ટોળે મળ્યાં,
નીહાળવા તે સુંદરીને સર્વ વીંટાઇ વળ્યાં, ૨૬

મ્હેં સર્વને માંડી કહી આદ્યન્ત બીના જે બની,
તે સાંભળી સૌને મુખે છાયા પડી ગઇ શોકની;
સહુ બોલીયાં ઓ બ્હેન ત્હારા દુઃખની કથની કહે,
તુજ ગામ કયાં? તુજ ઠામ કયાં? તુજ નામ શું? સાચું કહે. ૨૭

શા માટ ત્હેં ગૃહ ત્યાગિયું? શા દુઃખથી મરવા ચહે?
તુજ હૃદય ખોલીને અમોને સૌ કથા માંડી કહે;
આ સાંભળીને તે બિચારી પૂર્વનાં દુઃખો સ્મરી,
ચોધાર આંસુ પાડતી નિશ્વાસ નાંખી ઉચરી. ૨૮

" મ્હારા વિતકની વારતા શા માટ પૂછો છો મ્હને,
" શું સાર છે તે સાંભળીને દુઃખ થાશે સર્વને;

“બાકી રહ્યાં છે ઝાડ દુઃખનાં ઉગવાં આ શિર પરે,
“શાં દુઃખ ભોગવવાં હુજી સરજ્યાં હશે મ્હારા શિરે. ૨૯

“નિર્ભાગિણી નારી જગતમાં મુજ સમી કો ના હશે,
“દુઃખમાં દિલાસો પામવાનું સ્થાન જેને ના હશે;
“ગમતું નથી મુજને હવે નિઃસાર લાગે જીંદગી,
“પણ મર્ણ મોઘું થૈ પડ્યું મુજને તજે છે દૂરથી. ૩૦

માતા પિતાને એકલી હું લાડકી બાળા હતી,
મુજને નિહાળી માત મ્હારી હર્ષઘેલી થૈ જતી;
માગું મુખે તે તાત મ્હારા આપતા મુજને હતા,
પળવાર મુજને આંખથી અળગી નહીં કરતા હતા. ૩૧

સહુ જીંદગીનો સાર મુજને માનીને ઉછેરતા,
સુખમાં સદા મુજને વસાવા આશ અદકી રાખતા;
કપડાં ઘરેણાંથી મ્હને શણગારિને રાજી થતા,
આનંદમાં માતા પિતાના દિવસ એમ વહ્યા જતા. ૩૨

મનમાં ચહે શું માનવી શું દૈવ મનમાં ચ્હાય છે,
સુખદુઃખનું ચક્કર જુઓ ફરતું સદા દેખાય છે;
સરખા દિવસ આ જગતમાં ચિરકાળ કોના જાય છે,
સન્ધ્યા સમયના રંગની પેઠે દશા બદલાય છે. ૩૩

ફરતું દશાનું ચક્ર આવ્યું મૂળ સુખનાં છેદવા,
આનંદનાં તરૂવર સુકાયાં દિવસ આવ્યા દુઃખના,
મ્હારા પિતાનો દેહરૂપી બાગ કરમાઈ ગયો,
તે માંહિથી આત્મા અમરને દુષ્ટ કાળ હરી ગયો. ૩૪

મુજ માત દુઃખ માંહી ડૂબી કલ્પાન્તમાં દિન ગાળતી,
મુજને લઈ ખોળા વિષે દરરોજ અશ્રુ સારતી;
હું પાંચ વર્ષ તણી હતી કશુંએ સમજતી ના હતી,
કલ્પાન્ત કરતી માતને વળગી ગળે રડતી હતી. ૩૫

જે ગૃહ વિષે સુખ શાન્તિને આનંદનો વાસો હતો,
  જે ગૃહ વિષે પરિપૂર્ણ પ્રેમ પ્રવાહ રેલાતો હતો;
જે ગૃહ વિષે સંગીત કેરાં વાદ્ય મધુરાં વાગતાં,
  તે ગૃહ બન્યું વેરાન સમ ગૃહના પતિ ચાલ્યા જતા. ૩૬

મુજ તાતના વિરહે દશા મુજ માતની માઠી થઈ,
  દવથી બળેલી વેલના સરખી ગતિ ત્હેની થઈ;
રોતી અતી દિન રાત મ્હારા તાતને સંભારીને,
  નિશ્વાસ નાંખે આંખથી આંસુ ઉનાં વરસાવીને. ૩૭

પાડોશની સહુ નારીઓ બહુ રીતથી સમજાવતી,
  પણ શોક કેરા પૂરની શાન્તિ જરાએ ના થતી;
હરકોર નામે એક મ્હારી માતનાં સહિઅર હતાં,
  તે ઘેર આવી હરઘડી મુજ માતને સમજાવતાં. ૩૮

મુજ માત કેરો ભાઇ પણ દુઃખમાં દિલાસો આપતો,
  તે ધૈર્ય આપીને સદા મુજ માતને સમજાવતો;
મુજ ઉપર રાખે પ્રેમ ઝાઝો હૃદયથી ચાંપે મ્હને,
  મુજ તાતથી પણ અધિક અંશે પ્રેમ મુજ ઉપર કરે. ૩૯

હું તો પિતાને વિસરી મામા તણા બહુ વ્હાલથી,
  પણ માત મ્હારી દિન દિને બહુ શોક ઉરમાં ધારતી;
હરકોર સમજાવે ઘણું પણ વાત વીસારે નહી,
  મામી અને મામા કહે પણ ધૈર્યને ધારે નહી. ૪૦

જે નાથની સાથે વસી સંસારનું સુખ ભોગવ્યું,
  જે નાથ સાથે પ્રેમ અમૃત પાન પ્રીતેથી કર્યું;
સંસાર પારાવાર તરતાં જે પતિની સ્હાયથી,
  જગમાં જીવાયે કેમ થાતાં દૂર જીવન હારથી. ૪૧

કીડો હૃદયમાં શોકનો જાતાં સમય પેદા થયો,
  દિનરાત મ્હારી માતનું અંતઃકરણ કોરી રહ્યો;

હરકોર મ્હારી માતને દરરોજ મળવા આવતાં,
ઓઠાં બતાવી અન્યનાં મુજ માતને સમજાવતાં. ૪૨

ગુણવંત નામે તેમને દશ વર્ષનો બાળક હતો,
મુજ ઘેર તે દરરોજ તેની માત સાથે આવતો;
તે સાથ હું રમતી હતી બહુ બાળ ચેષ્ટાઓ કરી,
મુજ માત પણ તેને નીરખતાં દુઃખ જાતી વીસરી. ૪૩

લઇ જાય તે નિજ ઘેર મુજને રોજ રમવા કારણે,
હરકોર પણ નિજ પેટની પુત્રી સમી મુજને ગણે;
ઘરનાં ગરીબ હતાં તથાપી દીલનાં દાતા હતાં,
ગૃહ કાર્ય પોતાનું તજી મુજ માત પાસે આવતાં. ૪૪

મુજ માત અંતરની વ્યથાથી છેક સૂકાતી ગઇ,
છોડયો ભરૂંસો જીવનનો મ્હારી ફિકર ત્હેને થઈ;
ઉર એક ચિન્તા તો હતી તેમાં વળી બીજી ભળી;
પડતા ઉપર પાટુ પડે તેવી દશા તેની થઇ. ૪૫

હું એક વેળા ઘર વિષે રમતી હતી ઉલ્લાસમાં,
માતા સુતી'તી સાથરે મામા હતા તે પાસમાં;
મુજને નિહાળી માતની આંખો વિષે અશ્રુ વહ્યાં,
તેડી મ્હને પાસે હૃદય ચાંપી વચન તેણે કહ્યાં. ૪૬

'ઓ બ્હેન ત્હારા બાપ પાસે હું હવે જાનાર છું,
'મામાતણી સંભાળમાં સોંપી હવે જાનાર છું;
હું અણસમજણી તે સમે મ્હેં માતને એવું કહ્યું,
મુજને અહીં ગમશે નહીં આવીશ ત્હારી સાથ હું. ૪૭

મુજ તાત પરદેશે ગયા ત્યાં એકલી તું ક્યાં જશે;
તે કેમ ત્યાં જઇને રહ્યા તું ઘેર ક્યારે આવશે;
આ સાંભળી માતા તણું હૈઉં ભરાયું તે સમે,
કલ્પાન્ત તેણે બહુ કર્યું મામે મનાવી તે સમે. ૪૮

તે દિવસથી મુજ માતને કારી ઝખમ લાગ્યો ઉરે,
  મુજને નિહાળે ને રડે કલ્પાન્ત ઝાઝુ તે કરે;
વળતી પથારી વશ થઇ કાયા સુકાતી સૌ ગઇ,
  સહુ રક્ત માંસ બળી ગયું ને કાષ્ટવત્ કાયા થઇ. ૪૯

આવે સગાં વહાલાં ઘણાં જોવા જનેતાની દશા,
  મુજને નિહાળી સર્વના અંતર વિષે આવે દયા;
ગાત્રો ગળ્યાં મુજ માતનાં નિસ્તેજ કાયા તો થઇ,
  સરવે સગાં સમજી ગયાં આશા મુકી જીવ્યા તણી. ૫૦

મુજમાં રહેલો જીવ ત્હેનો ફક્ત કાયાને વિષે,
  'મ્હારી બિચારી બાળકીની શી વલે વળતી થશે;'
નિશ્વાસ ઝાઝા નાંખતી મનમાં મુઝાઇને રહે,
  નજરે મ્હને જોતાં નયનમાં નીર આવે તેહને. ૫૧

બોલાય ના મુખથી છતાં બોળે મ્હને બોલાવતી,
  ઉંડી પડેલી આંખ મ્હારા તરફ તાકી રાખતી,
મામી અને મામા હૃદયનો સહુ મરમ સમજી ગયાં,
  મુજ માત કેરા કાનમાં ધીમે વચન તેણે કહ્યાં, ૫૨

'ઓ બ્હેન ચિન્તા ચિત્તમાં કુમળા તણી કરશો નહી,
  'જુગતે કરીશું જતન અણુવિશ્વાસ ઉર ધરશો નહી;
'અમ પેટની પુત્રી ગણીને પાળીશું ત્હેને અમે,
  'ચિન્તા વિસારી હૃદયમાં ધારણ કરો શ્રી રામને. ૫૩

તે સમયથી મુજ માતની ચિન્તા જરા ઓછી થઇ,
  વિશ્વાસ આવ્યો ભાઇ ને ભોજાઇનો મનની મહી;
મુજ હસ્ત ઝાલીને મહા બળથી હૃદયમાં ચાંપીઓ,
  મામા તણા કર માંહિ મ્હારો હસ્ત તેણે આપીયો. ૫૪

'ઓ ભાઇ આ મ્હારા જીવનની વેલ મ્હારી દીકરી,
  'ત્હારે શરણ સોંપુ હવે સંભાળજે જુગતે કરી;

‘પાળક પિતા એનો બની પ્રીતે કરીને પાળજે,
‘લાયક થતાં લાયક તરૂની ડાળીંયે વળગાડજે. ૫૫

‘અંત:કરણની એક ઇચ્છા બહુ દિવસથી છે મ્હને,
‘કમળા તણી કરવા સગાઇ હૃદયથી ગોઠયું મ્હને;
‘હરકોરના ગુણવંત ઉપર ચિત્ત મુજ ચોટી રહ્યું,
‘તે પૂર્ણ કરજે ભાઈ તું મ્હેં આજ દિલ ખોલી કહ્યું. ૫૬

વળતી મિંચાયાં નયન ત્હેનાં ફેરવ્યું પાસું જરી,
માયા દીધી મ્હારી તજી શ્રીરામ મુખથી ઉચરી;
મુજ ભાગ્યની ભુંડી દશાએ દિવસ એવો આવીયો,
એ જન્મદાતા માતને વિકરાળ કાળ હરી ગયો. ૫૭

હું વર્ષ સાડાપાંચની જાણું નહીં કે મર્ણ શું,
મુજ માત હમણાં આવશે હું એમ વિચારો કરૂં;
દિન વીતતાં સુધી હૃદયમાં ધીર હું ધારી રહી,
તે બાદ મ્હોટા શબ્દથી ઓ માત પોકારી રહી. ૫૮

થાતાં વિખુટી ગાયથી જેવી બરાડે વાછડી,
તે રીત પાડી રા’ડ હું ઘર બ્હાર આવી તે ઘડી;
દેખી દશા મ્હારી, નયનમાં નીર આવ્યાં સર્વને,
મુજ મન મનાવા લાગીયાં હરકોર આવી મુજ કને. ૫૯

નિજ ઘેર મુજને લે ગયાં ખાવા મ્હને ત્યાં આપીયું,
ગુણવંતને નિરખી રમતમાં ચિત્ત દોરાઈ ગયું;
બેચાર દહાડા એ રીતે હરકોરના ઘરમાં ગયા,
ગુણવંત સાથે ખેલતાં આનંદમાં ચાલ્યા ગયા. ૬૦

મુજ માત કેરી વાત મુજને યાદ આવે અંતરે,
હરકોર બીજી વાતમાં મુજ ચિત્તવૃત્તિ ફેરવે;
હરકોર કેરા હેતથી મુજ માતને ભૂલી ગઇ,
ગુણવંતની સાથે રમતમાં વાત વિસારે થઇ. ૬૧

× × × × ×

મુજ જીંદગીના નાટયકારે એક અંક પુરો કર્યો,
 મામા તણે ઘર હું વસી જાણે જનમ બીજો ધર્યો;
દેખાય પરદેશી સમાં સહુ માનવી તે ઠામમાં,
 જાણે સ્વજનથી દૂર હું આવી અજાણ્યા ગામમાં. ૧૨

લાગે નવું સરવે મ્હને હું એકલી અતડી ફરૂં,
 મુજ માતને સંભાળીને હું આંખમાં આંસુ ભરૂં;
મામા મ્હને બહુ હેતથી હસીને સદા બોલાવતા,
 લાગે રમતમાં જીવ માટે બ્હાર ફરવા લૈ જતા. ૧૩

ગુણવંત મ્હારો ગોઠિયો તે મુજ વિના ઘેલો ફરે,
 દરરોજ રમવા કારણે તે આવતો મ્હારી કને;
તેને નિહાળી હૃદયમાં બહુ હેત મુજને આવતું;
 તેના વિના મામાતણું ગૃહ શુન્ય મુજને લાગતું. ૧૪

એ રીત થોડા દિવસમાં મુજ જીવ ત્યાં ગોઠી ગયો,
 શેરી તણાં સૌ બાલકોથી સ્નેહ જોડાઈ ગયો;
પંખી પુરાતાં પાંજરે પહેલું જરા ગભરાય છે,
 સહવાસ થાતાં તે પછી ગીતો મધુરાં ગાય છે. ૧૫

બાંધ્યો સંબંધ નવો નવા દેશે જઇ જાણે વસી,
 મનથી મટયું અતડાપણું હું સર્વથી બોલું હસી;
ભુલી ગઈ મુજ તાતની શેરીતણા સહવાસને,
 જાતાં સમય ભુલી ગઇ મુજ તાતના આવાસને. ૧૬

મુજ માત પાસે હઠ કરી બહુ વાર કૈં કૈં માગતી,
 ઘડીમાં રિસાતી ને મનાતી સર્વ તે ભુલી ગઇ,
તે સર્વ વાતો યાદ આવે સ્વપ્નના સરખી મ્હને,
 પણ ના ભુલાયો હૃદયથી મુજ માત કેરા પ્રેમને, ૧૭

આંખી છબી માતાતણી મુજ હૃદયમાં રમતી હતી,
 છેલ્લી વખતના શબ્દ તેના યાદ હું કરતી હતી;

તે શબ્દના ભણકાર મ્હારા કાન માંહી વાગતા,
મુજ રક્ત દ્વારા અંગમાં ધબકાર પણ તેના થતા. ૬૮

મામી અને મામાતણા સહવાસમાં દિન ગાળતી,
મુજ માત પિતા એજ છે હું એમ મનથી ધારતી;
સંતાનમાં બે પુત્ર પુત્રી એક મામાને હતી,
હું તેમની સાથે સદા આનંદથી રમતી હતી. ૬૯

પૈસે ટકે મામા પ્રથમથી પૂર્ણ ભીડાતા હતા,
સંસારનો સહુ ભાર તે મ્હા કષ્ટ વ્હેતા હતા;
મુજ માતના મરવા પછી તે દુઃખ કૈં ઓછું થયું,
મુજ તાતના પૈસા વડે ગાડું ગબડવા લાગીયું. ૭૦

મામી સ્વભાવે આકળી અભિમાનની મૂર્તી હતી,
ડહાપણ વિષે સહુ વિશ્વ મનથી તુચ્છ તે ગણતી હતી;
સૌના ઉપર પોતાતણી સત્તા અધીક જણાવતી,
પોતા વડે ઘરબાર ચાલે એમ મનથી માનતી. ૭૧

મામા થકી ઘર માંહિ ઉંચા શબ્દથી બોલાય ના,
મામી તણી આજ્ઞા વિના કૈં કાર્ય ઘરનું થાય નાં;
દરરોજ કડવાં વેણ બોલીને કનડતી તે હતી,
પાડોશમાં પણ સર્વ સાથે સ્હેજમાં લઢતી હતી. ૭૨

મામી તણી બહુ બ્હીક મ્હારા હૃદયમાં પણ લાગતી,
હું કોઈ વસ્તુ તેહની પાસે કદી નહીં માગતી;
મુજને કદી તે વ્હાલથી હસીને નહી બોલાવતી,
દેખી મ્હને તે સર્વદા મોઢું ચઢેલું રાખતી. ૭૩

જળના પ્રવાહ સમાન દિવસો એ રીતે જાતા વહી,
મામા તણે ઘર માહારી વય આઠ વર્ષ તણી થઇ,
ભણવા નિશાળે રોજ સાંજ સવાર હું જાતી હતી,
ગુણવંતના સહવાસમાં હું હોંશથી ભણતી હતી. ૭૪

નિજ ઘેરથી ગુણવંત મુજને તેડવાને આવતો,
  દરરોજ મુજને પ્રેમથી નિશાળમાં તેડી જતો;
અંતઃકરણની ઐકયતા મ્હારી થઇ ગુણવંતથી,
  પળવાર પણ અળગી થતી મનમાં વ્યથા મુજને થતી. ૭૫

હું જાઉં ત્હેને ઘેર રમવા કારણે મોસાળથી,
  હરકોર મુજને દેખીને બોલાવતાં બહુ વ્હાલથી;
મુજ માત કેરાં વાકય ત્હેના હૃદયમાં રમતાં હતાં,
  દેખી મ્હને આશા તણાં અંકુર ઉદ્ભવતાં હતાં. ૭૬

મુજ કાનમાં તે શબ્દના પડઘા સદોદિત પાડતાં,
  ગુણવંતની સાથે મ્હને સહુ રીતથી સરખાવતાં;
પળશે વચન મુજ માતનું મનથી ભરૂસો રાખતાં,
  આશા સફળ થાવા વખતની વાટ એ જોતાં હતાં. ૭૭

એ રીત જાતાં સમય મ્હારી વય વરષ દશની થઇ,
  હું સ્હેજ સારાસારને મનમાં સમજતી તો થઇ;
ગુણવંત સાથે રોજ હું જાતી હતી નિશાળમાં,
  બુદ્ધિ વિશે તે પૂર્ણ પંકાતો હતો સૌ બાળમાં. ૭૮

તે કોઇની સાથે કદી મિથ્યા વચન નવ ભાખતો,
  તે સર્વના ઉપર સદા સમભાવ મનથી રાખતો;
શુરવીર હિમ્મતવાન ને દિલનો દયાળુ તે હતો,
  શુભ શીલવંતો ને સ્વરૂપમાં કામદેવ સમો હતો. ૭૯

મુજને નિહાળીને સદા તે પ્રેમઘેલો થઇ જતો,
  મીઠાં વિનયવાળાં વચનથી સર્વદા રીઝાવતો;
તેને નજરથી ન્યાળતાં હું ભાન સૌ ભુલી જતી;
  તેના વિના પળ એક પણ જુગના સમી મુજને થતી. ૮૦

જળ મીન જેવી પ્રીત મ્હારા અંતરે જામી હતી,
  ત્હેના અલૌકિક ગુણ ઉપર મોહ હું પામી હતી;

હું માનતી ગુણવંત મ્હારી જીંદગીનો સાર છે,
 ભવસાગરે આ દેહરૂપી નાવનો આધાર છે. ૮૧

ધનભાગ્ય મ્હારૂં એ પતિ મામા મ્હને પરણાવશે,
 મ્હારા સમી સંસારમાં કો ભાગ્યશાળી ના હશે;
એ રીતના ઉત્તમ મનોરથ અંતરે ધરતી હતી;
 ગુણવંત પ્રેમ પયોદધીમાં સ્નાન હું કરતી હતી. ૮૨

* * * * *

ગુણવંત આવેલો હતો દિન એક રમવા કારણે,
 તે સાથ હું વિનોદમાં ઉભી હતી ઘર બારણે;
આવી અચાનક મામીએ ધમકાવિયો ગુણવંતને,
 'તું કેમ આવે હરઘડી અમ ઘેર કમળાની કને. ૮૩

'થૈ મર્દ રમતાં છોકરીથી કેમ શરમાતો નથી,"
 'અમ ઘેર તું ના આવતો તુજને કહું છું આજથી;
મુજને કહ્યું કે 'જો હવે ગુણવંતને બોલાવશે,
 'તો હું સમી બીજી નથી એ વાત નક્કી માનજે." ૮૪

આ વજ્ર સરખાં વાક્ય મામીના મુખેથી સાંભળી,
 ગુણવંત ગભરાઇ ગયો ને હું બની ગઇ બ્હાવરી;
વિજળી તણા આઘાતથી વિછિન્ન થૈ જાયે કળી,
 તેવી દશા મ્હારી થઈ આ શબ્દ કર્ણે સાંભળી. ૮૫

મુજ હૃદય વીણાના તડોતડ તાર સૌ તૂટી ગયા,
 પગથી શિખા પર્યન્ત મ્હારાં અંગ લાગ્યાં ધ્રુજવા;
આ સત્ય કે' છે કે હસે છે હૃદયમાં શંકા થઈ,
 પળવાર મ્હારી મામીના મુખને નિહાળી હું રહી. ૮૬

પણ ક્રોધની જ્વાળા સમી કાન્તિ નિહાળી તેહની,
 પથ્થર તણી પ્રતિમા સમા હું શુન્ય થૈ ઉભી રહી,
નીચે મુખે ગુણવન્ત મ્હારી પાસથી ચાલ્યો ગયો,
 મુજ પ્રાણ જાતો હોય તેવો ખેદ મુજ હૃદયે થયો. ૮૭

આમી તણા આ કોપનું કારણ કળાયું ના કંઈ,
હું સજળ નયને વિકળ હૃદયે ઘર વિષે ચાલી ગઈ;
મુજ દેહ ઘર માંહી ગયો પણ મન ગયું ગુણવંતમાં,
એ વિણ બીજો ખ્યાલ કૈં આવે ન મ્હારા ચિત્તમાં. ૮૮

મુજ નયનના આગળ છબી ગુણવંતની તરતી હતી,
જ્યાં જ્યાં નજર નાંખુ તહાં એ આકૃતી દિસતી હતી;
તેના મધુરા શબ્દના પડઘા હૃદયમાં લાગતા,
આકાશવાણી તુલ્ય તેના નાદ અન્તરમાં થતા. ૮૯

મ્હારા ઉપર માઠું હવે લાગ્યું હશે ગુણવંતને,
નક્કી રિસાશે તે હવે હું એમ સોચુ અંતરે;
પણ દોષ કં મ્હારો નથી મુજથી રિસાશે કેમ એ,
હું એમ ધારી અંતરે મનને મનાવું તે પળે. ૯૦

એ રીત આખો દિવસ મ્હારો શોકમાં ચાલી ગયો,
મુજ જીવ તો ગુણવંત કેરા ધ્યાનમાં મ્હાલી રહ્યો;
ચાહે ચકોરી ચંદ્રને નિજ આત્મ કેરા ઐક્યથી,
તેવી સમાધી માહરી લાગી ગઈ ગુણવંતથી. ૯૧

વાળુ કરી હું તે દિને રાત્રી વિષે સૂતી હતી,
આંખો મિંચી અંતર વિષે ગુણવન્તને સ્મરતી હતી;
તે સમય મ્હારી મામીને ધિમે સ્વરે મામે કહ્યું,
મ્હારા સંબંધી વાત થાતાં લક્ષ મ્હારૂં ત્યાં ગયું. ૯૨

મામા કહે કમળા તણી વય બાર વર્ષ તણી થઇ,
માટે હવે વર યોગ્યથી કરીએ સગાઇ તેહની;
ગુણવંત ત્હેને યોગ્ય મ્હારા અંતરે ગોઠી ગયો,
તે સાથ કરીએ લગ્ન એ વિચાર મ્હેં મનથી કર્યો. ૯૩

ઘરનો ગરીબ ખરો તથાપી સર્વ રીતે શ્રેષ્ઠ છે,
તે સાથ કરવા લગન મ્હારી બ્હેનનો ઉપદેશ છે;

હરકોર પણ બહુ છે ભલાં કમળા સુખી ત્યાં તો થશે,
કન્યા ગરીબને આપતાં બહુ પૂણ્ય આપણને થશે. ૯૪

આ વાક્ય મામાનાં સુણી મુજ મામીએ છણકો કર્યો,
'નવરો લુહાર નથી' કહીને અંગુઠો આગળ ધર્યો;
જાણ્યા તમે બહુ સત્યવાદી પૂણ્ય કેરી પૂંછડી,
ડહાપણ તણા ભંડાર ને દાતારના શિરોમણી. ૯૫

ના હોય તો અક્કલ ખરીદી લેઇ આવો હાટથી,
બકતાં ગમે તે બોલ મુખથી કેમ શરમાતા નથી,
એ કાગડાના કંઠમાં શું રત્નની માળા ધરૂં,
લવતાં વિચાર કરો જરા ડા'પણ તમારૂં જાણિયું. ૯૬

લો સાંભળો ગુણવંતના કુળની કથા માંડી કહું,
એના પિતાએ લા'ચ લીધી તે જગત જાણે સહુ;
મરનાર તેના તાતનું કારજ હુજી બાકીજ છે,
ફાંસો ગળે ખઇને મુવો તે તો કથા જુદીજ છે, ૯૭

વિદ્યા ભણ્યો તો શું થયું? શું રૂપ ગુણને બાળિયે,
ઘરનાં ભલાં શું કામનાં? પણ આપણું સંભાળિયે;
કન્યા કનકની પૂતળી એને કદી દેવાય ના,
નિર નેવનાં મોભે ચઢે પણ વાત એ બનનાર ના. ૯૮

મામા કહે એના વિના લાયક બીજો એકે નથી,
તો કેમ કરવું તે તણું તું બોલ ત્હારા મુખથી,
મામી કહે છાના રહો 'શુ દેડકે વરને ગળ્યા,
'શું ઝાડ બીજ બળી ગયાં કે હિમ હિંગોળે ઠર્યા. ૯૯

લાયક કહો કે ના કહો પણ વાત મ્હારી સાંભળો,
વળતી તમારા હૃદયમાં વિચાર મનગમતો કરો;
અવતાર સો એળે ગયો દારિદ્રતાના દુઃખથી,
ઉમ્મર વિતાવી આટલી પણ પાઇ ના ભેગી કરી. ૧૦૦

સ્વપ્ને સુખે સૂતાં નહી ખાધું નહી ખાંતે કરી,
અંગે અરાડયું ના ધરેણું, જન્મમાં તમને વરી,
પળમાં મિંચાશે આંખ તો આ બાળકોનું શું થશે,
એ વાતનો વિચાર કેમ થતો નથી અંતર વિષે. ૧૦૧

આ દાવ આવ્યો હાથમાં તે કેમ જાવા દેઇએ,
સૌ જીંદગી ભરની કમાણી કેમ જાવા દેઇએ;
હરકોર પાસે પાઈ એકે ઝેર ખાવાને નથી,
ને દામ વિના વાત મ્હારી પાસ થાવાની નથી. ૧૦૨

મુજ ફોઇની પાડોશમાં જે વૈદ્ય લજ્જારામ છે,
વય અષ્ટનો છે પુત્ર તેને મકન જેનું નામ છે;
છે વૈદ્ય જાતે વૃદ્ધ તેથી એમ મનમાં ધારતા,
પોતા છતાં નિજ પુત્રને પરણાવવા વિચારતા. ૧૦૩

તે આપવા બંધાય છે પ્હેલા રૂપૈયા બારસો,
ને સોંપવા તૈયાર છે કમળા તણો સૌ વારસો;
એવું કહીને કાનમાં કૈં વાત ધીમેથી કરી,
યુક્તિ પ્રયુક્તિથી હૃદય મામા તણું લીધું હરી. ૧૦૪

બે ચાર દહાડા લોક સૌ વાતો કરીને થાકશે,
પણ આપણું દારિદ્ર આખા જન્મનું ભાગી જશે;
છો ભાઈ ભાભારામના માટે કહું અત્યારથી,
આ વાત જાશે બ્હાર તો મ્હારા સમી એકે નથી. ૧૦૫

પળવારમાં તે વાતનો સૌ મર્મ હું સમજી ગઇ,
થાશે હરાજી માહ્યરી મનથી વિચાર્યું મ્હેં તહી;
આ દુષ્ટ રાક્ષસણી મ્હને ઉંડે કુવે ઉતારશે,
મુજ તાત કેરા કુળને કાળું કલંક લગાડશે. ૧૦૬

ગુણવંત ઉપર કોપનું કારણ હવે મ્હેં જાણિયું,
વિજળી તણા ચમકાર પેઠે હૃદય મ્હારૂં ચોંકિયું;

રે ! રે ! પિતામાતા જતાં મ્હારૂં જગતમાં કો નહી,
  આ દુષ્ટના કરથી બચાવા હાય ! મ્હારૂં કો નહી. ૧૦૭

આ વાત કે'વા કોઇને, હિમ્મત મ્હને આવી નહી;
  મ્હારા નસિબમાં દુઃખ તેથી શરમ છોડાઇ નહી,
ગુણવંતને પણ વાત આ કે'વા વખત નવ આવિયો,
  ઘરથી નિકળવા બ્હાર પૂરો જાપતો મુજ પર થયો. ૧૦૮

જેવી ફસાયે ગાય દુષ્ટ કસાઈ કેરા હાથમાં,
  તેવી દશા મ્હારી થઈ મામા તણા આવાસમાં;
હું રોઇને મ્હા દુઃખમાં રજની દિવસ વિતાવતી;
  રે હાય ! મ્હારૂં શું થશે ? એ રીતની ચિન્તા થતી. ૧૦૯

ક્યાંથી દયા જન દુષ્ટને નિજ સ્વાર્થના આવેશમાં,
  શાનો ડરે તે પાપ કરતાં દ્રવ્ય કેરા લોભમાં;
સ્વાર્થી જગતમાં આંધળો તે અન્ય કૈં દેખે નહી,
  પડદો છવાતાં સ્વાર્થનો પરદુઃખને પેખે નહી. ૧૧૦

મામા દબાયા પાપિણી મામી તણી બહુ ધાકથી,
  ને સ્વાર્થના આવેશમાં સૌજન્યને દીધું ત્યજી;
મ્હારા નસિબના યોગથી મામી તણું ધાર્યું થયું,
  મુજ લગ્ન લજ્જારામ કેરા પુત્રની સાથે થયું. ૧૧૧

કીધી હરાજી માહ્યરી નાણું નગદ ઉપજાવિયું,
  મ્હારા પિતાના કુળને કાળું કલંક લગાડિયું;
મિલકત બધી મુજ તાતની એ દુષ્ટ દૈત્ય ગળી ગયો,
  વય અષ્ટનો વરરાય મુજને વારસામાં સોંપિયો. ૧૧૨

આણી ભરૂસો ભાઇનો સોંપી ગઇ મુજ માવડી,
  ત્હેણે દગો દઇ બ્હેનના વિશ્વાસ પર મુકી છરી;
જોડી અઘટતી જોડતાં મામે વિચાર નહી કર્યો,
  નિજ સ્વાર્થની ખાતર અફળ અવતાર કીધો માહ્યરો. ૧૧૩

છે ગાય ને કન્યા ગરિબડાં જયાં દોરીએ ત્યાં જાય છે,
પરવશ પડેલાં પ્રાણિયોનાં જીવન ઝોલાં ખાય છે;
જે તાત કન્યાના ભવિષ્યના સુખને ના ઇચ્છતો,
તે દુષ્ટ કોટી કલ્પ રૌરવ નર્કનો ભોકતા થતો. ૧૧૪

× × × × ×

મ્હારી અકારી જીંદગીનો અંક બદલાયો વળી,
મામા તણા ઘરથી ઉપાડી સાસરા માંહી ધરી;
મુજ કંથ અષ્ટ વરષ તણો હું વર્ષ પૂરાં બારની,
ભુંડા કરમના યોગથી અણુજુગતી જોડી બની. ૧૧૫

સાસુ સ્વસુર આનંદ પામ્યાં નયનથી ન્યાળી મ્હને,
સૌ જીંદગી કેરી કમાણીનું સ્વરૂપ ધારી મ્હને;
મુજ જેવડી નણુદી સખી સમ સ્નેહ દર્શાવી રહી,
સ્વામી તણી વસમી દશા મુજને નિહાળીને થઈ. ૧૧૬

સંતાય મુજને દેખતાં વિક્રાળ વાઘણુ શી ગણી,
હું જાઉં ઘરમાં કે તુરત તે બ્હાર જાયે નીકળી;
નીચું નિહાળી જાય નાસી, દૂરથી દેખી મ્હને,
ચમકેલ અશ્વ સમાન, મુજને દેખતાં વ્યાકુળ બને. ૧૧૭

સહુ અંગ ઉઘાડું દિસે, પ્હેરે જરા શી ચોતડી,
મુખથી વછૂટે લાળ, ભાષા સ્હેજ બોલે તોતડી;
પગમાં રૂપાનાં સાંકળાં ને ચૂડીઓ બે હાથમાં,
દરરોજ શેરીમાં રમે સૌ બાળકોની સાથમાં. ૧૧૮

દઇ દોટ ઘરમાં આવિને મુજ સાસુને વળગી પડે,
"ઓ મા મ્હને તે ખીજવે છે." એમ બોલીને રડે;
એ જોઈને જાઉં બળી હોળી ઉઠે મુજ અંતરે,
ઓ દુષ્ટ મામા હાય મ્હારો અફળ ભવ કીધો અરે. ૧૧૯

ભાવે નહીં ખાવું પિવું ને ઉંઘ પણુ નહી આવતી,
નિશ્વાસ નાંખી રોજ નયને નીર હું વરસાવતી;

હું જાઉં કૂવે કે તળાવે ત્યાં સખી મુજ જેવડી,
  મુજ વરતણી વાતો કરી મુજને ચિઢાવે સૌ મળી. ૧૨૦

બોલાય ના મુજથી જરી શરમાઇ મુખ સંતાડતી,
  મન માંહી મામા મામીને હું શ્રાપ ઝાઝા આપતી;
જે રીત આંતરડી બળે મ્હારી સખીના બોલથી,
  તે રીત બળજો હૃદય ત્હેનું આ દશા મ્હારી કરી. ૧૨૧

મ્હારા સમાણી સુંદરી કેલી કરે નિજ કંથથી,
  તે જોઇ મ્હારા હૃદયમાં ઉર્મી પ્રકટતી પ્રેમની;
પણ તે વિચારો મન વિષે પળ માંહી વિરામી જતા,
  આઘાત થાતો અંતરે અવલોકતાં મ્હારી દશા. ૧૨૨

મુજ નાથ અષ્ટ વરષ તણો દેખું જતાં નિશાળમાં,
  નિશ્વાસ નાખું હું ઘણા રમતો નિહાળી બાળમાં;
રે! રે! વિધાતા વેરીએ આ શું લખ્યું મુજ ભાગ્યમાં,
  શાં પાપ મ્હેં પૂર્વે કર્યાં મુજને ઉશેટી આગમાં. ૧૨૩

સાસુ અને નણંદી મ્હને મીઠી નજરથી ન્યાળતાં,
  મુજને હસાવા હરઘડી વાતો રસિક ઉચ્ચારતાં;
દિલમાં પ્રકટતી લ્હાયથી હસવું મ્હને આવે નહીં;
  ઉદાશ અંતઃકરણમાં વાતો રસિક ભાવે નહીં. ૧૨૪

દશ દિવસ મ્હારા એ રીતે સસરા તણા ઘરમાં ગયા,
  ગુણવંતનાં દર્શન વિના દશ ભવ સમા મુજને થયા;
ગુણવંત જો મુજને મળે તો કર્મની કથની કહું,
  હું એમ ધારી અંતરે ગુણવંતને મળવા ચહું. ૧૨૫

રે! રે! દશા આ દેખતાં ગુણવંત પણ દુખિયો થશે,
  અવતાર મ્હારો અફળ જાણી નીર નયને આણશે;
પળમાં થતો વિચાર કે છે શું હવે ગુણવંતથી,
  કરવો ઘટે છે દૂર ત્હેનો ખ્યાલ મ્હારા ચિત્તથી. ૧૨૬

ગત જન્મના સરખો હવે સંબંધ ત્હેનો માનવો,
તે સ્વપ્ન સરખો ખ્યાલ મ્હારા મન થકી વિસારવો;
ગુણવંતને ભૂલી જવા દૃઢ યત્ન હું કરતી હતી,
ને હૃદયમાં મુજ કંથને હું સ્થાપવા મથતી હતી. ૧૨૭

પણ ના ભુલાયો અંતરેથી પ્રેમ એ ગુણવંતનો,
જળના તરંગો પેઠે રહી રહીને હૃદયમાં આવતો;
હર વખત ત્હેની આકૃતી મુજ હૃદય આગળ આવતી,
ઘર કામમાં પણ ચુક, ઝાઝી વાર મ્હારાથી થતી. ૧૨૮

બહુ વાર ચોખા દાળ ભેગાં થઇ જતાં મુજ હાથથી,
બહુ વાર પુંજો ઘર તણો હું લઇ રસોડે નાંખતી;
બહુ વાર એઠું ઠાલવું જળથી ભરેલા પાત્રમાં,
બહુ વાર વાગે ઠેસ ઘરમાં ચાલતાં મુજ પાયમાં. ૧૨૯

બહુ વાર ભાન ભુલી જઈ હું શુન્ય થૈ ઉભી રહું,
હું ક્યાં ફરૂં છું શું કરૂં છું તે દશા વિસરી જઉં;
મનમાં સમજતી હું હતી, કે આ મ્હને ઘટતું નથી,
મનથી પરાયા પુરૂષનું કરવું સ્મરણ ઘટતું નથી. ૧૩૦

જળ જાન્હવી સમ જીવન મ્હારૂં શુદ્ધ હું ચ્હાતી હતી,
ગુણવંતને કરવા કલંકિત ઉર ઇચ્છિા ના હતી;
પણ પ્રેમના બળ આગળે નીતિતણું નવ ચાલતું,
પરવશ પડેલું હૃદય મ્હારૂં હઠ કરે નવ માનતું. ૧૩૧

હું બળ કરી બહુ વાર મ્હારો જીવ કબજે રાખતી,
ત્હોયે સમાધી માહ્યરી ગુણવંતથી લાગી જતી;
નિર્દોષ બાળાવય વિષે આનંદ ક્રીડા જે કરી,
તે પ્રેમ સાગરના તરંગો હૃદય ડોલાવે ફરી; ૧૩૨

મુજ મન વિષે ઇચ્છા હતી ગુણવંતનાં દર્શન તણી,
શી રીત આવે યોગ એ’વો એમ હું વિચારતી;

મુજ મામીએ ધમકાવિયો તે દિવસ મ્હેં જોયો હતો,
વળતી થતાં હું કુબજ મળવાનો સમય નહિ આવતો; ૧૩૩

કોને કહું આ વારતા શી રીત સંદેશો કહું,
શી રીત ભેટો થાય ત્હેનો એમ અંતરથી ચહું;
અંતરતણો ઠૂમો બધો તે પાસ જૈ ખાલી કરૂં,
મ્હારૂં જીવન વૃત્તાન્ત તેની સમીપ જૈ કહેવા ચહું. ૧૩૪

મુજ સ્વસુરની પાડોશમાં બે ચાર ઘર બીજાં હતાં,
મુજ મામિ કેરાં ફોઇ તે પાડોશમાં રહેતાં હતાં;
ચપળા કરીને તેમને દશ વર્ષની પુત્રી હતી,
મુજ પાસ તે હર વખત આવી પ્રેમ પૂરો દાખતી. ૧૩૫

ગુણવંતની શેરી વિષે મોસાળ ચપળાનું હતું,
તે કારણે તેનું તહાં બહુવાર જાવાનું થતું;
મ્હેં તેહ સાથે ગુપ્ત સંદેશો કહ્યો ગુણવંતને,
મળવા મ્હને એકાન્તમાં, સમિસાંજના શિવ મંદિરે. ૧૩૬

મળવા મ્હને ઇચ્છયું નહી, કૈં લોક લજ્જાના બળે,
નિજ હસ્તથી લખી પત્ર ત્હેણે પાઠવ્યો મ્હારી કને;
મુજ પાસ આવ્યો પત્ર તે મ્હેં પ્રેમથી કરમાં ગ્રહ્યો,
ગુણવંતનાં દર્શન સમો અલ્હાદ અંતરમાં થયો. ૧૩૭

ઘડીવાર દુઃખ ભુલી ગઇ, આનંદ સાગરમાં પડી,
એકાન્ત મળતાં એકલી હું તુરત મેડી પર ચઢી;
લખતાં પડેલાં અશ્રુએ કૈં અક્ષરો છેકાયલા,
તે જોઈ મ્હારી આંખમાંથી ઓઘ અશ્રુના વહ્યા. ૧૩૮

કોટી છબી ગુણવંતની એ અક્ષરે રમતી હતી,
જાણે મ્હને નીત તણો ઉપદેશ એ કરતી હતી;
સુવર્ણ સરખાં વાકય પંક્તિબદ્ધ ગોઠવિયાં હતાં,
પરિધાન મુજ હૃદયે થવાનાં ચિત્ર ચિતરિયાં હતાં. ૧૩૯

ઉપદેશ આશ્વાસન ભરેલાં વાક્ય એ ગુણવંતનાં,
મુજ હ્રદય વીણા વાદ્ય સાથે ગાન કરવા લાગિયાં;
તે સાંભળો સરવે ત્હમે મુખ પાઠ ત્હેનો છે મ્હને,
મ્હારા જીવન ગુરૂદેવને નવરાવજો અશ્રુ જળે. ૧૪૦

* * * * *

“ દુર્દૈવથી પરવશ પડેલી સ્નેહની આ વેલડી,
“ આ પત્ર વાંચીને હવે કરજે સમાપ્તિ સ્નેહની;
“ જાજે ભુલી અંતર વિષે તું આજથી ગુણવંતને,
“ના લાવતી એ બાળપણના ભાવ ત્હારા અંતરે. ૧૪૧

“ દેખી દશા ત્હારી દુખી છું વાત નક્કી માનજે,
“ તું ધૈર્ય ધારીને સદા હૈયું કઠણ કરી રાખજે;
“ જે સાથ જોડયું જીવન ત્હારૂં તે હવે નીભાવજે,
“બળવાન ઈચ્છા દૈવની છે એમ મનથી માનજે. ૧૪૨

“ મનથી મ્હને ના ઈચ્છતી એ પ્રાર્થના મ્હારી હવે,
“ સ્રીધર્મથી ઉલટી વહી બનતી કલંકિત ના હવે;
“ જ્હેને વરી તે નાથ ત્હારી જીંદગીનો સાર છે,
“ ભવ સાગરે તુજ દેહરૂપી નાવનો આધાર છે. ૧૪૩

“ મુજને હવે તુજ ધર્મનો બંધુ હ્રદયમાં ધારજે,
“ તું ધર્મની ભગિની બની મુજને સદા સંભાળજે;
“ સંસારમાં સહુ નારને ભગિની હવેથી મ્હેં ગણી,
“ ગુણવંત કેરા પ્રેમની એ માનજે પ્રેમાંજલી. ૧૪૪

* * * * *

અમૃત સમા ઉપદેશવાળો પત્ર એ ગુણવંતનો,
તે વાંચતાં મુજ નયનથી અશ્રુ પ્રવાહ વહ્યા ઘણો;
બે ચાર વેળા વાંચતાં મુખપાઠ વાક્યો થૈ ગયાં,
મુજ હ્રદયમાં તે વાક્ય વિધિના લેખ સમ અંકિતથયાં. ૧૪૫

ગુણવંત ઉપર તે પળે અતિ પૂજ્ય બુદ્ધિ ઉપજી,
  કે ધન્ય બાલસખા ત્હને મ્હારી સુધારી જીંદગી;
તું આજથી ગુરૂદેવ મ્હારો, હું હવે શિષ્યા સદા,
  ઉપદેશ ત્હારો અંતરેથી ના વિસારૂં હું કદા. ૧૪૬

મુજ માટ ત્હેં સંસારને આપી અરે તિલાંજલી,
  તે ના ગમ્યું મુજ અંતરે ઓ સંતના શીરોમણી;
એ કઠણ વૃત ત્હારૂં સખા મુજ હૃદયને વિદારશે,
  મુજ માટ ત્હેં સુખ ત્યાગિયું તેથી મ્હને ચિન્તા થશે.૧૪૭

‘જાજે ભુલી અંતર વિષે તું આજથી ગુણવંતને,’
  એ વજ્ર સરખાં વાક્ય ત્હારાં કેમ ના બાળે મ્હને ?
અવિભક્ત અંતર આપણું તે કેમ ભિન્ન હવે થશે,
  જળથી અલગ થાતાં જરા, શું માછલી જીવી શકે ? ૧૪૮

તુજને નિહાળી દૂરથી મુજ હૃદય રિઝાવીશ હું,
  તુજ ધર્મની ભગિની બની હરનીશ સંભાળીશ હું;
જે સાથ જોડયું જીવન મ્હારૂં તેહ નીભાવીશ હું;
  મુજ નાથને ઇશ્વરતણા અવતાર સમ માનીશ હું. ૧૪૯

પણ તુજ ઉપરનો પ્રેમ મ્હારો લુપ્ત થવાનો નથી,
  સહવાસ ત્હારો હે સખા ! મનથી ભુલાવાનો નથી;
એ રીતના વિધવિધ વિચારો હૃદયમાંહી આવતા,
  ગુણવંત ઉપર નિર્વિકારી પ્રેમને દરશાવતા. ૧૫૦

* * * * *

વર્ષા સમયનાં વાદળાં પેઠે દિવસ જાતા હતા,
  મ્હારી દશાના રંગ પણ તે સાથ બદલાતા હતા;
સ્વામીતણું સુખ તો મ્હને તલ માત્ર પણ મળતું નહી,
  સાસુ નણુદના સંગમાં દિન માહ્યરા જાતા વહી. ૧૫૧

એકાન્તમાં હું કંથ સાથે બોલવા ઇચ્છા કરૂં,
  પણ જાય નાશી દૂર મુજને દેખતાં હું શું કરૂં;

જો હસ્ત ઝાલું હેતથી તો ચીસ પાડીને રૂવે,
હું શું કરૂં કોને કહું આ કર્મની કથની હવે. ૧૫૨

આવે સપરમા દિવસ ને આનંદ માણે માનુની,
નિજ સ્વામીની સંગે રમે નવ યૌવના મ્હારા સમી;
કો નવલ વસ્ત્રાભૂષણ ધારી દેવને મંદિર જતી,
નિજ નાથની વાતો કરી સખી સંગ મુખ મલકાવતી. ૧૫૩

વનિતા વિનોદે વેલડી મળી પ્રેમની વાતો કરે,
મ્હારા હૃદયમાં તે સમે સંતાપની હોળી બળે;
આ અણસમજણા નાથ મ્હારા સમજણા ક્યારે થશે,
ક્યારે મ્હને આનંદના અબ્ધિ વિષે નવરાવશે. ૧૫૪

દિન રાત હું સંતાપમાં મહા કષ્ટથી વીતાવતી,
ઉગતા હૃદયના ભાવને મ્હા યત્નથી નીવારતી;
હું શિયળવંતી શુદ્ધ મનની ઉંચ કુળમાં અવતરી,
નિજ સ્વાર્થ સાધી મામીએ દુખમય બનાવી જીંદગી. ૧૫૫

× × × × ×

અંકુશ મુજ સાસુતણો સસરા ઉપર પૂરો હતો,
વરતે સ્વચ્છંદે તે સદા મદપૂર્ણ યૌવનનો હતો;
સસરા હતા વય-વૃદ્ધ ઝાઝું આંખથી દેખાય ના,
અપમાન મુજ સાસુ કરે પણ તેહને કહેવાય ના. ૧૫૬

ત્યાં એક **દેવીદાસ** નામે દુર્ગુણી સાધુ હતો,
અમ શેરીમાં દરરોજ તે ભીખ માગવાને આવતો;
બહુ મંત્ર જંત્ર અનેક તંત્રો વશિકરણ વિદ્યા ભણ્યો,
ભોળાજનોને ભોળવી તે ગામમાં ફાવ્યો હતો. ૧૫૭

છાપાં તિલક ઝાઝાં કરીને શરીરને શોભાવતો,
કરમાંહિ પહેરે બ્હેરખા દશ વીશ માળા ધારતો;
રાખે વળી કરતાળ કરમાં 'કૃષ્ણ કૃષ્ણ' કહ્યાં કરે,
આંકેલ સાંઢ સમાન આખા ગામમાં નીત્યે ફરે. ૧૫૮

તે સાથ મ્હારી સાસુનો સંબંધ અણુઘટતો હતો,
ઉપદેશને બ્હાને અમારે ઘેર નિત્યે આવતો;
અડ્ડો લગાવે દિવસ આખો અવનવી વાતો કરે,
મુજ સાસુ ત્હેને મંદિરે જઇ પ્રેમથી સેવા કરે. ૧૫૯

શિર દાબ નહિ સસરા તણો સાસુ સ્વચ્છંદે મ્હાલતી,
દરરોજ દેવીદાસને ત્યાં રાસલીલા ચાલતી;
આવે મ્હને ધિક્કાર ઝાઝો નયનથી સાંખાય ના,
મુજ નાથ નજરે ન્યાળતા પણ માતને કહેવાય ના. ૧૬૦

વાયસ તણા આ જુથમાં ક્યાં કોકલા આવી પડી,
વેરાન સરખું વિશ્વ લાગે ના ગમે મુજને ઘડી;
સ્વામીતણું સુખ તો નહી સાસુ મળી વ્યભિચારણી,
શી રીત સ્હેવું કષ્ટ આ હું એમ વિમાસું ઘણી. ૧૬૧

* * * * *

હું જ્યારથી એ દુષ્ટ દેવીદાસની નજરે ચઢી,
નવયૌવના મુજને નીહાળી મલીનવૃત્તિ આદરી;
કરવા મ્હને વ્યભિચારિણી મમ પ્રેમ મેળવવા ચહ્યો,
લલચાવવા બહુ રીત મુજને દુષ્ટ એ તલપી રહ્યો. ૧૬૨

આવે વખત બે વખત ઘરમાં એકલી ધારી મ્હને,
ચેષ્ટા કરે બહુ રીતથી કુદ્દષ્ટિએ ભાળી મ્હને;
ઉત્તર નહી આપું છતાં બોજે મ્હને બોલાવતો,
નિજ મંદિરે તેડી જવા બહુ રીતથી લલચાવતો. ૧૬૩

પણ હું કુલિન શુભ કર્મવાળી નિર્મળું મન માહ્યરૂં,
જ્ઞાની સખા ગુણવંતના ઉપદેશને કયમ વિસરૂં;
જળમાં કમળ રહે છે સદા પણ સ્પર્શ જળનો થાય ના,
સતી નારનું મન કોઇ કાળે વિષયમાં લલચાય ના.૧૬૪

મુજને ફસાવા કારણે યુક્તી પ્રયુક્તી બહુ કરી,
લાખો ઉપાયો આદર્યા પણ શિયળથી હું ના ચળી;

મુજ સાસુની દ્વારા મ્હને સપડાવવા વિચારિયું,
સાસુ બની લાલચ તણે વશ કાર્ય કરવા ધારિયું. ૧૬૫

પાપી જનો આ જગત માંહી દાસ પૈસાના બની,
કરવા અઘટતું કૃત્ય દીલથી લેશ ડરવાના નહી;
પિતા હણે નિજ પુત્રને માતા વિદારે બાળને,
પત્ની પતિના પ્રાણ લે, સ્વામિ હણે નિજ નારને.

મુજથી હસી વાતો કરે સાસુ બનીને સાધવી,
ગુણ આય દેવીદાસના વૈરાગ્યની વાતો કરી;
મુજને કહે "વહુઅર તમો મહારાજને મંદિર જશો,"
સેવા કર્યાથી સંતની બહુ રીતથી સુખિયાં થશો.

આ શબ્દ સાસુના સુણી મુજ અંતરે જવાળા ઉઠી,
આ શું વદેછે વાકય મ્હારાં માત સરખાં સાસુજી;
નિજ પુત્રવધુને ઉલટ પંથે દોરવા તૈયાર છે,
સંસારમાં તે સાસુને ધિક્કાર લાખો વાર છે. ૧૬૮

રે! રે! હવે બાકી રહ્યું શું કઠણ આ કળિકાળમાં,
થૈ વડિલ કૂડાં કર્મના સંસ્કાર પાડે બાળમાં;
રક્ષક બની ભક્ષણ કરે તો કોણ રક્ષણકાર છે,
અમૃત થકી વિષ ઉપજે કોનો પછી આધાર છે. ૧૬૯

બે હસ્ત જોડી સાસુને હું વિનયથી પાયે નમી,
સાહસ કરીને સત્ય વાણી બોલવા હિમ્મત ધરી;
માતા તમો જે સાધુને અવતાર ઇશ્વરનો ગણો,
જેની પ્રસંશા હરઘડી મુજ પાસ પ્રીતેથી કરો. ૧૭૦

તે હંસના પીંછાં ધરી છાનો રહેલો કાગ છે,
પયપાનથી પોષાયલો એ ક્રૂર કાળો નાગ છે;
તે સાધુના પોશાકમાં છૂપાયલો શયતાન છે,
જેને કહો છો સંત તે હેવાનનો હેવાન છે. ૧૭૧

આ સાંભળીને શબ્દ આકરી રીશ સાસુને ચઢી,
મ્હારા ઉપર વિકરાળ વાઘણ પેઠ તે તુટી પડી;
'એ દુષ્ટ રંડા કેમ મુખથી વેણુ ભુડાં ભાખતી,
'મુજ પાસ એ શુભ સંતના તું દોષ કયમ દર્શાવતી. ૧૭૨

'ઇશ્વર તણા અવતાર જેવા સંતની નીંદા કરે,
થઇ આજકાલ તણી મ્હને ઉડાવવા હીમ્મત ધરે;
'નાને મુખે મુજ પાસ આઝું બોલતાં શરમાય ના,
'હું સર્વ જાણું તાહ્યરા સદ્‌ગુણ કેરી વારતા. ૧૭૩

આવું વદી મુજ પાસથી છણુકો કરી ચાલી ગઇ,
તે સમયથી હું સાસુને મન ઝેરના જેવી થઇ;
સૌ લોકમાં મ્હારા ઉપર જુઠું કલંક ચઢાવિયું,
ગુણવંતની સાથે મ્હને બદનામ કરવાનું ચહ્યું. ૧૭૪

મુજ કંથને ગુણવંતનું દઇ નામને ભંભેરિયો,
જુઠ્ઠા ભરાવી કાન મુજને મારવા ઉશ્કેરિયો,
એ અણુસમજણા નાથ મ્હારા માતની વાતો સુણી,
બહુ દુઃખ દેવા લાગિયા વ્યભિચારિણી મુજને ગણી. ૧૭૫

સાસુ અને નણદી મળી મુજને સદા સંતાપતી,
હું તો ગરિબ શુભ ગાય જેવી જે કહે તે સાંખતી;
મુજ શિયળવૃત્ત સંભાળવા હું દુઃખને સ્હેતી હતી,
ઉંચે મુખે હું શબ્દ સરખો તેહથી નહી બોલતી. ૧૭૬

હું જાઉં નહિ ઘરબ્હાર કદિએ કોઇથી બોલું નહી,
ગુજરે અધિક શિર સંકટો પણ ધૈર્યને ધારી રહી;
તદપી કસાઇ ક્રૂર સાસુને દયા આવી નહી,
કૂડાં કલંકો મુકતાં કો રીત શરમાઇ નહી. ૧૭૭

કહેતી મ્હને કે; 'પાપીણી, ગુણવંત સાથે સ્નેહ છે,
'અરધી નિશાએ રોજ એ તુજ મેડીએ આવે જ છે;

વળી પત્ર એ નિત પાઠવે સંકેત બહુ છાના કરે,
'મ્હારા નમાલા છોકરાને તું છકેલી છેતરે. ૧૭૮

× × × × ×

દરકાર મ્હારા દેહની તલભાર મુજને ના હતી,
પણ એક ચિન્તા નિત્ય મ્હારા હૃદયને વીદારતી;
મુજ કારણે ગુણવંત ઉપર આળ જુઠું આવતું,
તેથી હૃદય મ્હારૂં સદા સંતાપથી બળતું હતું. ૧૭૯

જેણે અરે મુજ કારણે સંસારની હોળી કરી,
જેણે મ્હને ઉપદેશ આપી સત્ય પંથે દોરવી;
જે ધર્મનો અવતાર પારાવાર સૌ સદ્ગુણનો,
તે હું અભાગી નારના કરમે વગોવાયો ઘણો. ૧૮૦

હું પ્રાર્થના કરતી પ્રભુ તું સત્યનો આધાર છું,
આથી અધિક સંકટ પડે તે સાંખવા તૈયાર છું;
પણ શિયળ મ્હારૂં હે હરિ તું સર્વદા નીભાવજે,
આ દીન દાસીને સદા તું સહનશક્તિ આપજે. ૧૮૧

હું દોહ્યલા દિન માહ્યરા મહા દુઃખમાં વીતાવતી,
મુજ નાથને ઇશ્વરતણા અવતાર સરખા માનતી;
એકાન્તમાં કરી પ્રાર્થના હું સત્ય વાત જણાવતી,
મ્હારા વિતકની વારતા હું તેમને સમજાવતી. ૧૮૨

પણ માતની શીખામણે બહુ માર મુજને મારતા,
ને વજ્ર સરખાં વાક્યથી મ્હારા હૃદયને બાળતા;
ઠરવા તણું નહી ઠામ મ્હારે ક્યાં જઉં કોને કહું,
દિન રાત કાઢું રોઇને હું સંકટો સરવે સહું. ૧૮૩

મુજ સ્વસુર સઘળું સાંભળે મ્હારા વિતકની વારતા,
હું શિયળવંતી શુદ્ધ મનની તેહ પોતે જાણતા;
મ્હારા ઉપરનો ત્રાસ દેખી દુઃખ ડોસાને થતું,
પણ પાપિણી પિશાચણી આગળ કશું નવ ચાલતું. ૧૮૪

મુજ નાથજીને હું કદી નિર્દોષ મનથી લાગતી;
પણ માત પાસે બોલવા હીંમત્ત નહી ત્હેને હતી;
નણદી નઠારી વેણુ વસમાં વદનથી વરસાવતી,
નિજ ભાઇને ભંભેરવામાં તે કસર નહી રાખતી. ૧૮૫

દિન રાત હું અંતઃકરણમાં ધૈર્યનું બળ ધારતી,
સાસુ નણદને સાધુના હલ્લા હઠાવી રાખતી;
સંકટતણો શિર પ્હાડ તુટયો, જુલમમાં જકડી રહી,
હું મૌન્ય ધારી સર્વ સંકટ શિર ઉપર ધારી રહી. ૧૮૬

× × × × ×

દિન એક હું ઘરકામથી થૈ મુક્ત ને બેઠી હતી,
સાસુ નણદ નહિ ઘર વિષે તેથી જરા શાન્તિ હતી;
તે સમય ચપળાએ મ્હને કૈં પત્ર કરમાં આપિયો,
દેખી હૃદય સમજી ગયું કે પત્ર આ ગુણવંતનો. ૧૮૭

તાપે તપેલા પ્રાણીને જ્યમ વૃક્ષનો છાંયો મળે,
તરસે સુકાતા કંઠમાં જયમ બુંદ અમૃતનું પડે;
જે રીત ઘાઢા તિમિરમાંહી સ્હેજ ચમકે આગિયો,
દારૂણ દુખમાં પત્ર તેવી રીત મુજને લાગિયો. ૧૮૮

અશ્રુ જળે નવરાવિયો એકાન્તમાં એ પત્રને,
આતુર થઈ ઉકેલીયો ભયથી ધડકતા અંતરે;
તેમાં લખેલાં વાકય વાગ્યાં તીરના સરખાં હૃદે,
તે પત્રનો સારાંશ સરવે સાંભળો શ્રોતા તમે. ૧૮૯

× × × × ×

હે જાળમાં જકડાયલી હરિણી સમી હત ભાગિની,
દુખમાં ત્હને સંતાપવા લખતાં ધ્રુજે છે લેખિની;
હું નિવડયો અંગાર તુજ સૌભાગ્ય તરૂને બાળવા,
દીધાં ત્હને બહુ દુઃખ મ્હેં ત્હેની ફરી યાચું ક્ષમા. ૧૯૦

દુરથી નિહાળી દુઃખ ત્હારૂં સહન થૈ શકતું નથી,
માટે હવે કરવા સમાપ્તિ ચાહું છું સૌ દુઃખની;
તુજને ખરેખર દુઃખનો દેનાર જગમાં હુંજ છું,
ત્હેં સહન કરિયું દુઃખ સરવે અડગ મનની તુંજ છું. ૧૯૧

મનથી હવે સંસાર આ નિઃસાર મુજને લાગતો,
તુજને દુખી નીહાળવા હું હૃદયથી ના ઇચ્છતો;
માટે હૃદય તેડી જશે ત્યાં એકલો હું જાઉં છું,
આ જગતની જંજાળની કરવા સમાપ્તી ચાહું છું. ૧૯૨

તું દુઃખથી ડરતી નહી અન્તે વિજય ત્હારો થશે,
ત્હારા ઉપરનું વાદળું પળમાંહિ વિખરાઇ જશે;
તુજ પ્રાણથી પણ શિયળને મોઘું ગણી સંભાળજે,
મનથી સદાને માટ તું ગુણવંતને ભુલી જજે. ૧૯૩

× × × × ×

હિમથી બળેલી પદ્મિની પર વજ્રનો ફટકો પડે,
તેવી રીતે એ પત્ર વાંચી દુઃખ વ્યાપ્યું અંતરે;
હિણભાગિની હું નાર શાને જન્મી આ સંસારમાં,
સુખની ઘડી નવ સાંપડી દુખરૂપ આ સંસારમાં. ૧૯૪

નાની વયે માતા પિતા મુજને તજી ચાલ્યાં ગયાં,
મામા અને મામી કરમના દોષથી વૈરી થયાં;
સાસુ નણદ સ્વામી તણે મન હું ઠરી વ્યભિચારિણી,
મનથી પવિત્ર રહી છતાં જગમાં ગણાઈ જારિણી. ૧૯૫

હત ભાગિની હું નારથી ગુણવંત પણ દુખિયો થયો,
સંસારની હોળી કરી ઘરબાર ત્યાગીને ગયો;
આથી અધિક શું દુઃખ ભોગવવું હજી બાકી હશે,
મ્હારી અકારી જીંદગીનો અંત ક્યારે આવશે. ૧૯૬

બહુ બળ કરી સાસુ મ્હને કરવા ચહે વ્યભિચારિણી,
મુજ રૂપ યોવનના વડે કરવા કમાણી પાપિણી;

રે ! દુષ્ટ દેવીદાસ ભુખ્યા વાઘ સરખો ભાસતો,
મ્હારા શિયળનો ધ્વંસ કરવા માટ તલપાં મારતો. ૧૯૭

જેવી ફસાઈ હોય હરિણી વાઘના ટોળા વિષે,
તેથી અધિક ભયથી ભરેલી જીંદગી મ્હારી દિસે;
મુજ શિયળને સંભાળવા હું ક્યાં જઉં ને શું કરૂં,
ઠરવા તણું નહિ ઠામ મ્હારે તો પછી ક્યાં જઇ ઠરૂં.૧૯૮

કીધા વિચાર અપાર પણ આધાર કૈં દેખ્યો નહી,
કરવા સમાપ્તિ દેહની મનથી વિચાર્યું મ્હેં તહી;
વાળુ કર્યા વિણુ રાત્રિએ મેડી ઉપર સૂતી જઇ,
મનની વ્યથાથી લેશ પણ નિદ્રા મ્હને આવી નહી. ૧૯૯

મુજથી રીસાઈ નાથ મ્હારા દૂર જઇ સૂતા હતા,
જે ઘોરવાના ઘોષથી મેડી ગજાવી મુકતા;
મુજ દુઃખ પેઠે સર્વ ઠામે તિમિર પ્રસરેલું હતું,
નિર્જન અરણ્ય સમુ સકળ આ જગત મુજને લાગતું. ૨૦૦

બહુ દૂર કૈં કૈં વાર ભસતાં શ્વાનના શબ્દો થતા,
ભેદી તિમિર તે શબ્દ મ્હારા કાન માંહી વાગતા;
વળી દુષ્ટ તસ્કર જાતથી જન વર્ગને ચેતાવવા,
શેરી તણે નાકે થતા ટહુકાર ચોકીદારના. ૨૦૧

મુજ હૃદયમાંહિ વિચારના ઉઠે તરંગો રહી રહી,
દુખ સર્વની કરવા સમાપ્તી ધારતી અંતર મહી;
મનથી કરી નિશ્ચય પછી ઉઠી પથારી ત્યાગીને,
ચાલી ધિમે પગલે, પતિને પાય દુરથી લાગીને. ૨૦૨

હું ક્યાં જઉં છું આ પળે મનથી વિચાર્યું ના હતું,
દુખથી દબાયેલા હૃદયમાં ભાન મુજને ના હતું;
હું નીકળી ઘર બ્હાર તો રાત્રી ભયાનક લાગતી,
અંધાર ઘોર ગુફા વિષે હું એકલી જાણે ઉભી. ૨૦૩

આકાશમાંહી તારલા દુર્જન સમા હિસતા હતા,
દુખિણી મ્હને દેખ્યા છતાં ગગને ચડી હસતા હતા;
પાછી નજર કીધા વિના હું પોળને નાકે ગઇ,
દેખી ભયાનક દુઃખ મ્હારૂં, બીક પણુ નાશી ગઇ. ૨૦૪

દિલમાં ડર્યા વિણુ નીકળી દરકાર છોડી દેહની,
ઘાડા તિમિરમાં ઘોર વનમાં એકલી પંથે પડી;
આજે બપોરે આંહી આવી માર્ગનાં દુખ ભોગવી,
હું અન્ન જળને ઉંઘવું ત્રણુ દિવસથી પામી નથી. ૨૦૫

મનહર નિહાળી રૂપ શ્રી રણુછોડનાં દર્શન કર્યાં,
વિનવી પ્રભુના ચરણુમાં મુજ દુઃખ નિવેદન કર્યાં;
મ્હેં માફ માગી નાથની તન ત્યાગવાના વાંકની,
હું ગોમતીને તીર નિરજન સ્થાન શોધીને ગઈ. ૨૦૬

તે ઠામમાં અણુચિંતવ્યો આ ભાઇનો ભેટો થયો,
દુખ પૂર્ણ મ્હારા દેહનો થાતાં નિપાત બચાવિયો;
કહી આત્મકથની આટલી તરૂણી અવાચક તે થઇ,
દુખની અને ભુખની વ્યથાના ભારથી ધરણી ઢળી. ૨૦૭

કરૂણાજનક આ વારતા સૌ સાંભળી દુખિયાં થયાં,
તે નારનાં નિર્દય સગાંને શ્રાપ દેવા લાગિયાં;
અશ્રુ ભરેલી આંખથી સરવે ગયાં નિજ મંદિરે,
મ્હેં શાન્ત્વના ત્હેની કરી વાળુ કરાવ્યું મહાબળે. ૨૦૮

* * * * *

ઓ હિન્દમાં ઉત્તમ મનાતી જ્ઞાતિના અગ્રેસરો,
આ સુંદરીના કર્મની કથની જરા ચિત્તે ધરો;
પાષાણુનાં અંતર તમારાં હોય તો પણુ પીગળે,
દિલમાં દયાની લાગણી ના હોય પણુ હૈયું બળે. ૨૦૯

વિકાળ હિંસક પ્રાણીયો પણુ સંતતીને ચ્હાય છે,
પણુ માનવી નિર્દય બની નિજ સંતતીને ખાય છે;

પાળેલ પ્રાણીને કદી ક્રુર ખાટકી પણ ના હણે,
પણ દુષ્ટ માબાપો હણે નિજ પેટના સંતાનને. ૨૧૦

નિજ હસ્ત વાવી વેલડી જળ પાઇને પોષણ કર્યું,
સુખકર બનાવી છાંય રવિના તાપથી રક્ષણ કર્યું;
વિધ વિધ પ્રકારે વિલસતાં વૃક્ષે વિંટાવા તે ગઈ,
નિર્દય બની એ વેલડીને ઝાંખરે ઝીકી જઈ. ૨૧૧

બાળા મનોહર વેલડી આ વિશ્વરૂપી બાગની.
માતા પિતાના હસ્તથી પોષણ થતાં પ્રફુલિત બની,
૧સહકાર સમ ગુણવાન સંગે વીંટવા લાયક થઈ,
નિર્દય બની માતપિતાએ ઝાંખરે ઝીકી જઈ. ૨૧૨

સ્વાર્થી પિતા માતા સુતાના હિતને જોતાં નથી,
તે દાસ પૈસાના બની ગુણ દોષ કૈં જોતાં નથી;
કૈં કાગ કોટે રત્નમાળા એ રીતે બંધાય છે,
લાખો બિચારી બાળિકાનો જન્મ એળે જાય છે. ૨૧૩

થૈ લોભને વશ પાપિયો પ્રીતે હરાજી તે કરે,
આપે વધારે દામ ત્હેને હસ્ત એ કન્યા ધરે;
વય વૃદ્ધ બાળક રોગી કે કો કુટિલને કર જાય છે,
કન્યા કનકની પુતળીનો જન્મ એળે જાય છે. ૨૧૪

કુળવાન કૈં નિજ કુળતણા અભિમાનમાં અંધા બની,
નિજ પુત્રીને જે ઝીકતા સો હસ્તના ખાડા મહીં;
હોયે મુરખ વ્યસની જુગારી ત્હોય ચિત્તે ચ્હાય છે,
ખિલતી કળી સમ બાળિકાનું જીવન નિષ્ફળ થાય છે. ૨૧૫

રૂપે રૂડા ગુણવાન સદ્‌વિદ્યા ભણેલા રંકને,
કન્યા તણાં માતા પિતા કુળહીણ ગણુએ તેહને;
દુર્ગુણતણા ભંડાર પણ ધનવાનને ચિત્ત ચ્હાયછે,
નિર્દોષ ગુણિયલ બાળિકા દુખમાં દટાઈ જાયછે. ૨૧૬

---

૧. આંબો.

માટે વિચારો બંધુઓ મનમાંહિ સારાસારને,
અર્પો સુતાને યોગ્ય વરથી સુધરવા સંસારને,
તો દિન દિને ભારત ભુમિમાં ધર્મનું બળ વાધશે,
અંતઃકરણની આશિષો બાળા સદા વરસાવશે. ૨૧૭

આ કમનસિબ તરૂણીતણો ઇતિહાસ બાકી છે ઘણો,
તે માંહીથી મ્હેં ફક્ત થોડો ભાગ આજ પ્રગટ કર્યો;
ઉત્તર અવસ્થા તેહની કો સમય પ્રગટાવિશ હું,
આજે સમય રોકયો ઘણો માટે હવે માફી ચહું. ૨૧૮

ॐ शान्तिः शान्तिः शान्तिः

इति शिवम

સમાપ્ત

॥ શ્રી ॥

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સજ્જનોની નામાવળી.

૨૦૦	શ્રીયુત શેઠ રણછોડદાસ ભોગીલાલ ગોળવાળા.	
૫૦	શ્રીયુત નાથાલાલ લલ્લુભાઇ વકીલ	સુરત.
૫૦	રા. રા. ઉપાધ્યાય ભોગીલાલ લલ્લુભાઇ	ડાકોર.
૫૦	રા. રા. ફુલશંકર મુળશંકર	ડાકોર હાલ મુંબાઇ.
૧૫	રા. રા. ઉપાધ્યાય મુળજીભાઇ કેવળરામ	ડાકોર.
૧૦	રા. રા. ભટ્ટ ગિરજાશંકર દેવશંકર	ડાકોર.
૧૦	રા. રા. ઉપા. નાથાભાઇ વેણીરામ	ડાકોર.
૧૦	રા. રા. પટેલ દેસાઇભાઈ દરભાઇ	વેજપુર

ડાકોર.

૫ ઠાકોર છગનલાલ ઉત્તમરામ
૫ પટેલ મોતીલાલ શામળદાસ
૫ ઉપાધ્યાય રામચંદ્ર મોતીરામ
૪ પડયા કેશવલાલ નાથજી
૨ પટેલ ઉમેદભાઈ શંકરભાઈ
૪ પંડયા બાપાલાલ કાળીદાસ
૪ મહંત લક્ષ્મણદાસ દામોદરદાસ
૨ પંડયા સુંદરલાલ મોતીલાલ
૧ ઉપાધ્યાય નાથાભાઇ ગણપતરામ
૧ પંડયા હરિકૃષ્ણ ગોપાળ
૧ પંડયા જેઠાલાલ સેવકરામ
૧ ભટ્ટ ફુલચંદ રણછોડ
૧ ઉપાધ્યાય નારણ જેઠારામ
૧ ભટ્ટ રામચંદ્ર પ્રેમાનંદ
૧ ત્રિવેદી ભાઇલાલ ત્રીભોવન
૧ શાહ કેશવલાલ રણછોડ ગાંધી
૧ અધ્વર્યુ શંકરલાલ હરિલાલ
૧ પંડયા અમૃતલાલ ભુલાભાઇ
૧ ભટ્ટ નર્મદાશંકર જયશંકર
૧ ભટ્ટ રામચંદ્ર ભોગીલાલ
૧ ભટ્ટ સોમેશ્વર શીવરામ
૧ ભટ્ટ ફુલચંદ ગોવર્ધન
૧ પંડયા હરગોવન ત્રીભોવન
૧ અધ્વર્યુ સોમેશ્વર બાપાલાલ
૧ ઇનામદાર મંગુભાઇ મોહનભાઇ
૧ શાહ છોટલાલ મોતીલાલ મોદી
૧ મહેતા નાથજી પુરૂષોત્તમદાસ
૧ ભટ્ટ જગન્નાથ પુરૂષોત્તમ
૧ જોશી અંબાલાલ આશારામ
૧ પંડયા રણછોડ સોમેશ્વર
૧ સોની શીવલાલ અજા
૧ શાહ ડાહ્યાભાઇ નાથાભાઇ
૧ શાહ ચુનીલાલ ભગવાનદાસ
૧ ત્રવાડી મણીલાલ હરિભાઇ
૧ ભટ્ટ ચિમનલાલ કાશીનાથ
૧ અધ્વર્યુ અંબાલાલ ધનેશ્વર
૧ સોની ભુલાખી ભોગીલાલ
૧ પંડયા શંકરલાલ જયશંકર
૧ મહેતા અંબાલાલ ગોવર્ધન

૧ પંડયા નંદુલાલ રામચંદ્ર
૧ શાહ માણેકલાલ મૂલજીભાઇ
૧ શાહ મનસુખભાઈ મૂલજીભાઇ
૧ સોની ચીમનલાલ નાથાલાલ
૧ સોની માણેકલાલ મયારામ
૧ દવે મોહનલાલ પ્રભુરામ
૧ જોશી મગનલાલ વેણીરામ
૧ પંડયા ગૌરીશંકર મોતીરામ
૧ પંડયા હરિલાલ મોરલીધર
૧ ઉપાધ્યાય ઉમિયાશંકર ગોવિંદરામ
૧ ભટ્ટ હરગોવિંદ જેઠારામ
૧ પંડયા નાથજી બાપુજી
૧ ઉપાધ્યાય મગનલાલ પીતાંબરદાસ
૧ પંડયા મોતીલાલ હીરજી
૧ ઉપાધ્યાય રામચંદ્ર જેઠાલાલ
૧ શાહ રણછોડજી ગોવર્ધન
૧ ભટ્ટ કુલશંકર છગનલાલ પીકચર મરચન્ટ.
૧ પંડયા શંકરલાલ હરગોવિંદ
૧ બાબુ છગનલાલ રાયજી જોશી
૧ દેસાઇ માણેકલાલ ગોકળદાસ
૧ દેસાઇ મંગુભાઇ ભોગીલાલ
૧ જોશી ઓચ્છવલાલ ભુરાભાઇ
૧ મહેતા ચંદુલાલ ગટરભાઈ
૧ ઉપાધ્યાય કેશવલાલ છગનલાલ
૧ જોશી પ્રભુલાલ પરસોતમદાસ
૧ માસ્તર નરસિંહભાઇ મોતીભાઇ
૧ શાહ ભોગીલાલ મોતીલાલ ગાંધી
૧ મહેતા હરિવલ્લભ આદીતરામ
૧ પાઠક ગોરધનદાસ છગનલાલ બોરીઆવીવાળા
૧ પંડયા વિશ્વનાથ રૂપશંકર
૧ મીસ્ત્રી લલ્લુભાઇ બાપુજી
૧ દોશી અંબાલાલ ગોવર્ધનદાસ
૧ દોશી કેશવલાલ ચુનીલાલ
૧ શાહ છોટાલાલ પુંજાભાઈ
૧ ખંભોળજા સોમેશ્વર બાળકૃષ્ણ
૧ આચાર્ય ધીરજરામ કાશીરામ
૧ કંસારા પુંજાલાલ રણછોડદાસ
૧ મહેતા હરિલાલ પીતાંબર
૧ દરજી ધુળાભાઇ નાથાભાઇ
૧ શાહ પરસોતમ મુનીચંદ
૧ સોની હરિલાલ છોટાલાલ
૪ ભટ્ટ ભોગીલાલ ગોવિંદરામ
૧ ઠાકોર લલ્લુભાઇ મોતીરામ
૧ શાહ હરિલાલ રણછોડ ગાંધી
૧ ભટ્ટ જટાશંકર કરૂણાશંકર
૧ ભટ્ટ પ્રભુલાલ પુરૂષોત્તમ
૧ સેવક મણીલાલ નારણજી
૧ શાહ મગનલાલ ગોવર્ધન
૧ ત્રવાડી બાપુજી વેલાભાઇ
૧ ભટ્ટ ફુલશંકર હરિશંકર
૧ તલાટી શંકરલાલ છોટાલાલ
૧ તલાટી વિશ્વનાથ કુબેર
૧ સેવક સોમેશ્વર માણેકલાલ
૧ તલાટી ભુલાખીરામ દેવશંકર
૧ ખંભોળજા માણેકલાલ નાથાલાલ
૧ શાહ ભોગીલાલ બહેચર
૧ ભટ્ટ સોમેશ્વર વેણીરામ
૧ જોશી છગનલાલ ભુલાભાઇ
૧ મહેતા મથુર ભુલાભાઇ
૧ જોશી મોતીરામ મંછારામ
૧ ઉપાધ્યાય મણીલાલ દયારામ
૧ પંડયા ડાહ્યાભાઇ કાશીરામ
૧ તંબોળી ચુનીલાલ ગોરધન
૧ જોશી કેશવલાલ શિવરામ
૧ મહેતા નાથજી ઉત્તમરામ
૧ ત્રવાડી ઉમિયાશંકર આશારામ
૧ તંબોળી જેઠાલાલ મનસુખરામ
૧ ઉપા. જીવણરામ નાથજી ઓકર તા. લુણાવાડા.
૧ ઉપા. કૃપારામ ધનેશ્વર „
૧ જોશી સોમેશ્વર શંકરભાઇ
૧ ભટ્ટ નાગેશ્વર દલસુખરામ
૧ પાઠક કેશવલાલ જેઠારામ
૧ દાઉદભાઇ જમાલભાઈ

૧ પટવા માણેકલાલ છોટાલાલ
૧ ભટ્ટ સોમેશ્વર છોટાલાલ.
૧ શા. મોંઘીલાલ મોતીલાલ
૧ કેયાભાઇ ખુશાલભાઇ
૧ ગોર આદીતરામ ઘેલાભાઇ શુકલ

મુંબાઈ.

૪ રા. રા. ભાઈલાલ વંદ્રાવનદાસ કોઠારી
બી એ એલ. એલ. બી. વકીલ
૪ રા. રા. ચુનીલાલ કુબેરદાસ શાહ
હેડમાસ્તર મ્યુ. ગુજરાતી સ્કુલ.
ફીકાસ્ટ્રીટ
૨ શુકલ હરગોવિંદ કુબેરજી „
૧ વિજયાલક્ષ્મી છબીલદાસ „
૧ પુરષોતમ જેઠાલાલ „
૧ ભટ્ટ મનસુખરામ મૂળજીભાઇ „
૧ મીઠાભાઇ ગુલાબભાઇ દેસાઇ „
૧ તુલજારામ ભાઇશંકર „
૧ ચંદુલાલ એમ. દેસાઈ
C/o. ચુનીલાલ કુબેરદાસ
૧ દલસુખભાઇ શંકરલાલ
૧ માસ્તર રણછોડલાલ દેવચંદ
ખડાયતા મિત્ર ઓફીસ
૧ માસ્તર મૂળશંકર નાનારામ પંડયા
ખડાયતા મિત્ર ઓફીસ.
૧ ચીમનલાલ ઓચ્છવલાલ પરીખ
દેવગઢ બારૈયા.
૧ પરીખ મણીલાલ ગુલાબચંદ
૧ વ્યાસ ચંદ્રશંકર જયશંકર
૧ જાદવરાય જગન્નાથભાઇ ડૉકટર
સાહેબ.
૧ ચોહેલ મહોબતસિંગજી કાનજીભાઇ
૧ અમરશી વશ્રામ
૧ સુરેંદ્રરાય અમૃતલાલ જાગીરદાર
૧ નવનીતલાલ છોટાલાલ પરીખ
૧ ચીમનલાલ લલ્લુભાઇ ભંડારી
૧ ચીમનલાલ હરીલાલ બક્ષી

૧ કેશવલાલ દલસુખરામ પાઠેક
૧ ગોવિંદ દેવીદાસ પટેલ
૧ ચીમનલાલ કેશવલાલ શાહ
૧ મણીલાલ મગનલાલ કડકીયા
૧ ભોગીલાલ માણેકલાલ ઉપાધ્યાય
અંગ્રેજી માસ્તર
૧ ધનવંતરાય મયાશંકર પુરોહિત
૧ ચંદ્રસિંહજી ભારતસિંહજી રાઉલ
૧ મદનલાલ કેદારલાલ

ચુણેલ તા. નડીઆદ.

૧ ભટ્ટ બાગીલાલ નાથજી
પે. આ. માસ્તર.
૧ નાનાલાલ મહેશ્વર બી. આ. માસ્તર
૧ ભટ્ટ જેઠાલાલ નાથજી
૧ શાહ મોહનલાલ ચુનીલાલ
૧ શાહ બીખાભાઇ રણછોડ
૧ શાહ મંગળદાસ લલ્લુભાઇ
૧ મણીલાલ ભુરાલાલ
૧ પ્રસાદરાય નંદલાલ પંડિત
૧ જડાવ બ્હેન નાથજી હેડ મીસ્ટ્રેસ
૧ માણેકલાલ મંગળદાસ
૧ શાહ શંકરલાલ મંગળદાસ
૧ શાહ વાડીલાલ શંકરલાલ

આમોદ.

૫ ડોકટર સાંકળેશ્વર ભગવાનલાલ

ઉમરેઠ.

૧ વકીલ કેશવલાલ રણછોડદાસ
૧ શાહ ચુનીલાલ નાનાભાઇ
૧ શાહ મણીલાલ જેઠાલાલ
૧ શાહ મણીલાલ ગોવર્ધનદાસ
૨ અંબાલાલ ગોવર્ધનદાસ
૧ શ્રી અંબીકા કુંપની
C/o. ફુલચંદ ગોરધન ડાકોરવાળા.

વાડાસીનોર.

૧ ધારીયા મગનલાલ નાથજી

ચાંપાનેર રોડ.

૧ અંબાલાલ મગનલાલ ઉપાધ્યાય

વલસાડ.

૧ સોમાભાઇ મથુરભાઇ

આંકલાવ.

૧ દોશી મોહનલાલ ત્રીભોવનદાસ

વડોદરા.

૧ મણીલાલ મોતીલાલ શ્રોફ
૧ ચુનીલાલ હરીલાલ ઠાકર

નાગદા.

૧ ડી. એમ. શર્મા, ડેપ્યુડી સ્ટેશન માસ્તર
૧ રા. વલ્લવદાસ ચંદુલાલ ટીકીટ કલેક્ટર.
૧ રા. હિરાલાલ નંદકીશોર જુનીંગ ફેક્ટરી
૧ રા. બાપાલાલ ભોગીલાલ કોચીંગ કલાર્ક.

ડાકોર.

૧ ભટ્ટ પુરૂશોતમ મગળજી
૧ ,, હરિલાલ સોમેશ્વર
૧ જોશી મગનલાલ ભૂલાભાઇ
૧ મહેતા પુનમચંદ પુરૂશોતમ
૧ ઉપા. જેઠાલાલ લક્ષ્મીરામ
૧ જોશી મોતીલાલ મછારામ
૧ શાહ મોંઘીલાલ મોતીલાલ
૧ ,, પુરૂશોતમ નાનશા
૧ મહેતા સોમેશ્વર દામોદર
૧ જોશી સોમેશ્વર મોતીરામ
૧ પંડયા માણેકલાલ છોટાલાલ
૧ સેવક શંકરલાલ અંબાલાલ
૧ ધુળાભાઈ અંબાલાલ
૧ બુલાખી આદિતરામ

મોટા હુબીપુરા.

૧ પટેલ હીરાભાઇ ભાખાભાઇ
૧ પટેલ ઝવેરભાઇ ભંખાભાઇ
૧ પટેલ દેસાઇભાઇ ત્રીકમભાઇ
૧ પટેલ નરોત્તમ મુળજીભાઇ

શુદ્ધપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૨૬	માડીને	માંડીને
૪	૧૩	મ્હીનીશના	મ્હીનીશ ના
૭	૧	શાન્તિને	શાન્તિ ને
૭	૪	જતા	જતાં
૭	૨૩	સસાર	સંસાર
૭	૨૫	જીવન હારથી	જીવનહારથી
૧૧	૬	સંભાળીને	સંભારીને
૧૧	૨૫	હરી,	હતી,
૧૨	૮	કષ્ટ	કષ્ટથી
૧૩	૪	થતી	થતાં
૧૪	૨૧	શકા	શંકા
૧૬	૧૧	લો	લ્યો
૧૯	૯	સ્વસુર	શ્વશુર
૨૧	૬	પેઠે	પેઠ
૨૨	૭	સ્વસુર	શ્વશુર
૨૩	૧૮	સંભાળજે	સંભારજે
૨૪	૧૪	સંભાળીશ	સંભારીશ
૨૪	૧૭	થવાનો	થાવાનો
૨૭	૨૩	હંસના	હંસનાં
૨૮	૧૩	નામને	નામ ને
૨૯	૨૩	સ્વસુરે	શ્વશુરે
૩૦	૧૧	ત	તે

આ પુસ્તક મળવાનાં સ્થળઃ—

ડાકોર—૧. ગ્રંથકર્તા ઠે૦ ગોપાલપુરા, ખારી વાવ.

૨. બુકસેલર ભોગીલાલ લલ્લુભાઈ.

૩. ,, જેઠાલાલ મનસુખરામ.

૪. "નિરાશ્રિત ગૌરક્ષક પાંજરાપોળ"ના ઉપદેશક શ્રીયુત સોમેશ્વર મનસુખરામ ઉપાધ્યાય.

અમદાવાદ—બુકસેલર હરગોવનદાસ હરજીવનદાસ ઠે. પાનકોરના નાકે.

મુંબાઈ—૧. "ખડાયતા મિત્ર" ઑફિસ. ઠે૦ લેમીંગ્ટન રોડ, ગ્રાન્ટ રોડ.

૨. "કમળા કાન્ત." મુંબાઈ નં. ૫

સ્વ૦ શ્રીયુત સોમેશ્વર નાથજીકૃત છપાયેલાં પુસ્તકો.

૧ ધર્મ તથા સનાતન ધર્મ. ... કી. ૦—૬—૦

૨ મીરાંબાઈ નાટિકા. પાકું પુંઠું કી. ૨—૦—૦.

કાચું પુંઠું કી. ૧—૮—૦

મળવાનું ઠેકાણું:—શ્રી શારદાભુવન પુસ્તકાલય—ડાકોર.

ગુજરાત સમાચાર પ્રેસ—વડોદરા.